PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ફેબ્રુઆરી - ૨૦૨૦, અંક નં. ૮૬/૭૫૨



ઓપન ભાવનગર ડ્રોઈંગ કોમ્પિટીશનમાં સી.પી. બાળકો



શ્રવણમંદોના પસંદગીમેળાનું દીપ પ્રાગટ્ય કરતા દાતાશ્રીઓ



વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી



રાષ્ટ્રીયકક્ષાએ બે ગોલ્ડ મેડલ મેળવતી આપણી શાળાની શ્રવણમંદ વિદ્યાર્થીની



પ્રવાસની મજા માણતા શ્રવણમંદ ભૂલકાઓ



ઉત્તરાયણ પર્વની ઉજવણી



દુપટ્ટામાં બાંધણી બાંધતા શીખતી વિકલાંગ મહિલાઓ



પી.એન.આર. સોસાયટી દ્વારા યોજાયેલ વિવિધલક્ષી કેમ્પમાં ઉપસ્થિત દાતાશ્રીઓ તથા ટ્રસ્ટીઓ



નાતાલ પર્વની ઉજવણી

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 Feb. - 2020 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# રાષ્ટ્રીય કક્ષાએ બે ગોલ્ડ મેડલ મેળવતી કે.એલ. ની વિદ્યાર્થીની

**'૭મો જુનિયર એન્ડ સબ જુનિયર નેશનલ સ્પોર્ટસ ચેમ્પિયનશીપ ઓફ ધી ડેફ' શહેરની શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાની વિદ્યાર્થીની હિરલ બારૈયાએ કોચીકોડ-કેરાલામાં રમાયેલી સ્પર્ધામાં બાજી મારી**

ભાવનગરની બહેરાં-મૂંગા શાળામાં ધો. ૫ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હિરલ બારૈયા એ રાજયકક્ષાએ મેદાન મારી રાષ્ટ્રીય કક્ષાએ રમવા માટે ક્વોલીફાઈડ થયેલ. કેરાલાના કોચીકોડ ખાતે તા. ૨૮-૧૨ થી તા. ૩૦-૧૨ સુધી રમાયેલ એથ્લેટિક સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડ અને ૬૦૦ મીટર દોડમાં સમગ્ર ભારતમાં પ્રથમ નંબર મેળવી બે ગોલ્ડ મેડલ અને રોકડ પુરસ્કાર મેળવી, બહેરાં-મૂંગા શાળા-ભાવનગર અને ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યુ છે.

ઘોઘા તાલુકાના માલણકા ગામમાં મજુરી કામ કરતા વિક્રમભાઈ બારૈયાની દિકરીને, ભાવનગર ભણાવવાની સગવડતા નહોતી. કોઈએ સલાહ આપી કે ભાવનગરની બહેરાં-મૂંગા શાળામાં ભણવા-રહેવા જમવા-કપડા વિગેરે નો કોઈ ખર્ચ નથી, તેથી જેમ-તેમ કરી દાખલ કરી ગયા. શાળાના રમત-ગમત શિક્ષકશ્રી સંદિપભાઈ ગોસ્વામીએ હિરલની ઓળખ કરી, દરરોજ સવારે છ વાગે હિરલ અને બીજી વિદ્યાર્થીનીઓને લઈ સંદિપભાઈ, યુનિવર્સિટી મેદાનમાં

**કુલ આઠ મેડલ મેળવી શાળાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું**



આવી, તાલીમ આપવાનું શરૂ કર્યુ અને તેનું ફળ મળ્યું. હિરલ સાથે ગયેલ બહેરાં-મૂંગા શાળાની ટીમે કોચીકોડ ખાતે કુલ ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાત રાજયનું નામ રોશન કર્યુ છે.

જેમાં મીરા ડાંગર વોલીબોલમાં ગોલ્ડ, ધ્રુવ ધંધુકિયા અને આશિષ પરમાર અને કુલદીપ સિસોદીયાએ વોલીબોલમાં સિલ્વર તેમજ કરણ કાળોતરા દિગ્પાલ ગોહિલે વોલીબોલમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યાં.

# શ્રવણમંદોનો જીવનસાથી પસંદગી મેળો

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા આયોજિત શ્રવણમંદોનો **૧૭મો જીવનસાથી પસંદગી મેળો** યોજાઈ ગયો. તા. ૨૨-૧૨ ના રોજ યોજાયેલ. જીવનસાથી પસંદગી મેળામાં કુલ ૨૨૫ શ્રવણમંદ યુવકો અને ૨૮ યુવતીઓએ ભાગ લીધેલ. આ મેળામાં ઉદ્‌ઘાટક તરીકે શ્રી વાય એમ. શુકલ (મુખ્ય ચેરિટી કમિશ્નર, ગુજરાત રાજય) પધારેલ. તેમજ શ્રી નાનાલાલ ભવાનભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના એક્ઝીક્યુટીવ ટ્રસ્ટીશ્રી જયંતભાઈ વનાણી (શ્રી બુધાભાઈ પટેલ) ના આર્થિક સહયોગ અને સૌજન્યથી આ પસંદગી મેળો સુપેરે પાર પડેલ. સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે મહેમાનોનો પરિચય આપેલ. મહેમાનશ્રીઓનું મેમેન્ટો આપીને સ્વાગત કરવામાં આવેલ. મુખ્ય મહેમાનના હસ્તે દીપ પ્રાગટય તથા પુસ્તિકાનું વિમોચન થયેલ. અંતમાં આભારવિધિ શ્રી અમિતભાઈ શાહે કરેલ.

આ પ્રસંગે શ્રી અનિલભાઈ માલદાર, શ્રી જયંતભાઈ વનાણી, શ્રી દેવીબેન, શ્રી કેવટભાઈ, શ્રી દિશાબેન, શ્રી રુદ્રાક્ષભાઈ ઉપસ્થિત રહેલ. આ મેળામાં ૨૨૫ યુવકો અને ૨૮ યુવતીઓ તેમના વાલીગણ



સાથે હાજર રહેલ. મેળામાં શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી કૈલાશબેન વિરાણી સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી બાબાભાઈ શાહ, શ્રી અમિતભાઈ શાહ વિગેરે ઉપસ્થિત રહેલ. આ પસંદગી મેળાનું આયોજન સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના માર્ગદર્શન હેઠળ આચાર્યશ્રી ઈલાબેન તથા શ્રી શૈલેશભાઈ, ચીફ કો-ઓર્ડિનેટર શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, કો-ઓર્ડિનેટર શ્રી ફાલ્ગુનીબેન મકવાણા, શ્રી કવિતાબેન શાહ, અને શ્રી ભરતભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ. શ્રી સ્નેહાબેન અને ટીમ દ્વારા ૮૦૦ માણસોની સુંદર ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. પસંદગી મેળાને સફળ બનાવવા સંસ્થાના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવેલ.

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- રાષ્ટ્રીય કક્ષાએ બે ગોલ્ડ મેડલ મેળવતી બહેરાં-મૂંગા શાળાની વિદ્યાર્થીની. . . . ૦૨
- શ્રવણમંદોનો જીવનસાથી પસંદગી મેળો ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE. . . . . . ૦૪
- વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી . . . . ૦૫
- ૭૧માં પ્રજાસત્તાક દિનની ઉજવણી . . ૦૫
- શ્રીમતી જ્યોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના . . . . . ૦૬
- એસ.બી.આઈ.ની ઉદાર સખાવત . . . ૦૬
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . ૦૬
- ‘સપનાના વાવેતર’ પુસ્તક વિષે વાચકો લખે છે. . . . . . . . . . . . . ૦૭
- જન્મ દિવસની ઉજવણી . . . . . . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-PD ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-Hightech શાળા . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-A.T. & T. ટેક. પાર્ક . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-C.P. શાળા . . . . . ૧૨
- સસ્કેસ સ્ટોરી . . . . . . . . . . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ. . . ૧૪
- PNR દ્વારા યોજાયેલ વિવિધલક્ષી કેમ્પ ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-K.L. - છાત્રાલય . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-K.L.-TTC. . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-‘અંકુર’ શાળા . . . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . ૨૧
- શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાનું ગૌરવ - કૌશલ અતુલભાઈ વ્યાસ. . . . . . . . . ૨૨
- લર્ન વીથ ફન . . . . . . . . . . . . ૨૩
- મહુવા ખાતે પતંગોત્સવની ઉજવણી . . ૨૩
- તળાજા ખાતે પતંગોત્સવની ઉજવણી . ૨૩
- સ્લો-લર્નર પ્રોજેક્ટ. . . . . . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**‘કોશિશ થી કામયાબી’** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ભાવિ વિકલાંગતાની અટકાયત

ચીનમાં ફાટી નીકળેલ **કોરોના વાયરસ** અનેક દેશોમાં ફેલાઈ રહયો છે, જેનો કોઈ સચોટ ઈલાજ હાલમાં નથી. આ કોરોના વાયરસનું નામ WHO એ COVID-19 રાખેલ છે. ભારતમાં પણ આ વાયરસ કેરળ રાજયથી પ્રવેશી ચૂકયો છે. પશુ-પક્ષીઓમાંથી આ વાયરસ મનુષ્યમાં ફેલાઈ રહયો છે, એવી બીજા વાયરસના અભ્યાસના આધારે અટકળો થઈ રહી છે. ભૂતકાળમાં થયેલ મહામારીઓ સમય જતાં નિયંત્રણમાં આવી ગઈ છે, પણ તેના અવશેષો વર્ષો સુધી વિકલાંગતા રૂપે અસર કરે છે. માનવ ભ્રૂણના શારીરિક અને માનસિક વિકાસમાં રસાયણિક સંતુલન, આવશ્યક હોય છે. પરંતુ વાયરસની વિપરીત અસરોથી આ સંતુલન ખોરાવાથી શરીરમાં ખોડખાંપણ આવવાની શકયતા હોય છે. વિકલાંગતાઓના પ્રકારો અને સંખ્યા વધતી રહે છે, પરંતુ તેની સારવાર-નિવારણની પ્રક્રિયા ખૂબજ સંશોધન અને સમય માંગી લેતી હોય છે.

છેલ્લી અર્ધી સદીથી વિકલાંગતાના વિષય પર કાર્યરત સામાજિક સંસ્થાઓ (NGO), આ તબક્કે અટકાયત (પ્રિવેન્શન) ની જ સલાહ આપી શકે. સરકાર તરફથી મોનીટરિંગ એલર્ટ હોય, નવા સંપર્કમાં આવતા વ્યકિતઓનું સ્ક્રીનિંગ થાય એ પ્રથમ પગલું છે. રોગ પ્રતિકાર શકિત વધે જે અંગેની સામાન્ય સમજણ, સાદો-ઓછો ખોરાક, નિયમિત કસરત અને પૂરતી ઊંઘનો અમલ થાય તો ફાયદો થઈ શકે. કોરોના વાયરસ અંગેની માહિતી મેળવી, તેને પ્રાથમિકતા આપી, જવાબદારીપૂર્વક બચાવની તત્પરતા રાખવી અને રખાવવી, હાલ તો એજ ઉપાય લાગે છે. તો ચાલો આપણે સૌ જાગૃત થઈ સાવચેતી રાખી, આ વૈશ્વિક મહામારીનો પ્રતિકાર કરીએ.

**કિરીટ રાઠોડ**

Inclusion is not a strategy to help people fit into the systems and structures which exist in our societies; it is about transforming those systems and structure to make it better for everyone.

**- Diane Richler, Past-President, Inclusion International**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2019-21, Monthly
- **અંક નં. : ૮૬/૪૫૨**
  **૧૫ ફેબ્રુઆરી - ૨૦૨૦**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- ‘કોશિશ થી કામયાબી’ લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ‘‘શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર’’ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **સેજલ મહેતા**
  **નેહલ ત્રિવેદી**
  **ભક્તિ મહેતા**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

### ◈ Life Partner Selection Fair of Hearing Impaired

The K L Institute for the Deaf, Bhavnagar (KLID) successfully organized a Life partner selection fair on 22nd December, 2019 with the financial support of elite local donor Shri Jayantbhai Vanani (Budhabhai), Executive Trustee of Shri Nanalal Bhavanbhai Patel Charitable Trust. The fair was attended by 225 hearing impaired (HI) boys and 28 (HI) girls along with their parents.

### ◈ World Disabaled Day Celebrated

PNR Forum institutions celebrated the World Disable Day on 3rd December, 2019 by organizing a rally of persons with disabilities (PwDs) wherein students and trustees of KLID, Ankur Special School for Mentally Retarded Children, Cerebral Palsy School, Autism School and High-tech Inclusive School, officials of the government of Gujarat and elite citizens participated to draw the attention of mainstream community. Special attraction of the day was the discourse by Shri Haren Pandya on Promoting the Participation of PwDs and their Leadership as a part of strengthening capacity of special manpower.

### ◈ "Sapnana Vavetar" Appreciated

Appreciation letters and emails have started pouring in for **"Sapnana Vavetar"** authored by Anantrai K. Shah (Bababhai), founder of group of special institutions for disabled children, describing his struggle for the noble cause of disabled and the elite citizens like Dr. Mohanbhai Patel (Ex-sherif, Mumbai),

Shri Rajendrabhai Rana (Ex-MP), Shri Manibhai Gandhi (Ex-MLA), present office bearers of Sadguru Seva Sangha, USA-based donor Shri Vasantbhai Gandhi, UK-based Elyas B. Sardharwala, Hon'ble Chief Minister Vijaybhai Rupani and many others. They all compliment stating that it is a book that acquaints the readers with the disabled cause and how problems of the disabled can best be resolved.

### ◈ Slow Learner Project on the Move

The PNR Society bagged worth about Rs. 90 lakhs for Slow Learner Project from Amreli based District Mineral Foundation. The project covers about 17,000 school going children victims of dyslexia in 87 primary schools situated in Mining activity affected areas of Rajula, Jafrabad and Savarkundla talukas of Amreli District. It is estimated that about 3000 children victims of slow learning disabilities have to be provided special services.

### ◈ Other activities

Gold medals and citations by students of KLID and Ankur School, CRE of Teachers' Training College of KLID, success stories, PNR Hospital's charitable services, Prevention Teams' non-stop activity, camps organized, C. P. School's activity, restructuring of AT & T Technology Park, Library Corner, activity of Resource Centers, celebrations of national and religious festivals, etc. form part of this issue.

## SPOT NEWS

**The State Bank of India has donated of Rs. 1 lakh under CSR to PNR Society. The CGM Shri Dukhbandhu Rath and Shri V. M. Sharma (DGM), Shri Manoj Jha (AGM) personally graced the PNR organized function and handed over the donation cheque.**

# વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી




ભાવનગરની પ્રખ્યાત પી.એન.આર. સોસાયટી સંલગ્નિત દિવ્યાંગ બાળકોની શાળાઓ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા,'અંકુર' મંબુધ્ધિવાળા બાળકોની શાળા, સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકોની શાળા, હાઈટેક ઈન્કલુઝિવ એજયુકેશનની શાળાના દરેક બાળકો તથા શિક્ષકો દ્વારા **વિશ્વ વિકલાંગ દિન**ની ઉજવણી રંગેચંગે કરવામાં આવેલ.

સવારે ૯ કલાકે તમામ શાળાના બાળકો, શિક્ષકો અને તાલીમાર્થીઓ વેલેન્ટાઈન સર્કલ પાસે રેલી સ્વરૂપે એકઠા થયેલ. ભાવનગરના ડેપ્યુટી કલેકટર શ્રી ઉમેશભાઈ વ્યાસે રેલીને પ્રસ્થાન કરાવેલ. રેલી વેલેન્ટાઈન સર્કલથી દક્ષિણામૂર્તિ શાળા સુધી નીકળેલ. રેલીમાં સાથે શ્રી અમરજયોતિ સ્કૂલના બાળકો દ્વારા બેન્ડ વગાડવામાં આવેલ. તેમજ ઉપરોકત તમામ શાળાના બાળકોએ વેશભૂષાથી સજ્જ બની રેલીમાં ભાગ લીધેલ. વિવિધ પ્રકારના સૂત્રોવાળા બેનરો જેમાં 'જળ બચાવો' અને 'વૃક્ષ બચાવો' થીમ મુખ્ય હતી. આ બેનર બાળકોએ હાથમાં લઈને સમાજમાં જનજાગૃતિનું મુખ્ય કાર્ય કરેલ.

આ દિવસ નિમિત્તે મહાવીર ઓડિટોરિયમમાં શિક્ષકો માટે **શિક્ષક સજ્જતા તાલીમ** યોજાયેલ. આ વર્ષની થીમ 'Promoting the Participation of Person with disabilities and their leadership' હતી. આ તાલીમમાં શ્રી હરેશભાઈ પંડયા (રિસોર્સ પર્સન ઓફ ECCE વિથ GCERT અને UNICEF) ખાસ પધારેલ. સમાજ સુરક્ષા ખાતાના શ્રી વૈશાલીબહેન જોષી પધારેલ. સંસ્થાના શ્રી મફતભાઈ, શ્રી કિરીટભાઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહેલ.

આ દિવસ નિમિત્તે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના શિક્ષકોએ પેપર પ્રેઝન્ટ કરેલ. જેમાં શ્રી હર્ષાબહેન આશરાએ 'લેંગ્વેજ એકવીઝિશન' વિષય પર અને શ્રી વિશ્વાબહેન ભટ્ટે 'શ્રવણમંદોના માધ્યમિક શિક્ષણની વિશિષ્ટ ભાષા પ્રયુકિતઓ' વિષય પર પેપર પ્રેઝન્ટ કરેલ.

# ૭૧મા પ્રજાસત્તાકદિનની ઉજવણી



પી.એન.આર. સોસાયટી દ્વારા, નટરાજ કોલેજ કેમ્પસ, ભાવનગરમાં, હાઈટેક સ્કૂલ તથા સી.પી. સ્કૂલ દ્વારા તા. ર૬ જાન્યુ. ર૦ર૦ ના રોજ પ્રજાસત્તાકદિનની ભવ્ય ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવેલ. વાલીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને ટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં, ડૉ. જીવરાજભાઈ પી. મૈયાણી (પૂર્વ ઉપ કૂલપતિ, જૂનાગઢ યુનિ.) ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યારબાદ તેઓએ પ્રજાસત્તાકદિનનું મહત્વ સમજાવતું મનનીય પ્રવચન આપેલ. પરેડનું સંચાલન શ્રી લાલજીભાઈ પંડયા દ્વારા અને સ્વાગત પ્રવચન શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે શ્રી કિરીટભાઈ આર. મહેતા તથા શ્રીમતી માલતીબેન ગિરિશભાઈ પારેખ રહેલ. જેમણે લાઈબ્રેરી ટોયઝ તથા સમારંભ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈ માટે નાસ્તો સ્પોન્સર કરેલ હતો. હાઈટેક સ્કૂલના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ-દેશભકિતગીત અને પ્રજાસત્તાકદિન વિશેની સ્પીચ ઈન્કલ્યુઝિવ બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ તથા સાધન સહાય અને પ્રમાણપત્ર, ટ્રસ્ટીગણ દ્વારા વિતરિત કરાયાં હતાં. હાજર સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી આનંદ વ્યકત કરેલ હતો. આભારવિધિ શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા અને કાર્યક્રમનું સંચાલન વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવેલ હતું.

# શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના



પી.એન.આર. સોસાયટીમાં નટરાજ કોલેજ, કાળિયાબીડ ખાતે, શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના અંતર્ગત ભાવનગર સેન્ટર અને શિહોર સેન્ટરની તાલીમાર્થી બહેનોને દુપટ્ટામાં બાંધણી બાંધતા શીખવવામાં આવેલ. આ કાર્યક્રમમાં શિહોર તથા ભાવનગરની તાલીમાર્થીઓએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો આ દુપટ્ટાઓમાં જુદા-જુદા પ્રકારની બાંધણી બંધાવામાં આવી હતી. ધાબા પ્રિન્ટ, બાંધણી તથા અલગ-અલગ પ્રકારની બાંધતા શીખવવામાં આવી હતી. આ તાલીમમાં કુલ ૨૫ બહેનોએ ભાગ લીધો હતો. આ દુપટ્ટા કલર કરતા તથા બાંધતા અમીબેન દોશી દ્વારા શીખવવામાં આવેલ.

# એસ.બી.આઇ. ની ઉદાર સખાવત



એસ.બી.આઈ.ના માનનીય મુખ્ય મહાપ્રબંધક શ્રી દુઃખબન્ધુરથ (સી.જી.એમ), શ્રી વી.એમ. શર્મા (સી.જી.એમ.), તથા શ્રી મનોજ ઝા (એ.જી.એમ.) દ્વારા કોર્પોરેટ સોસિયલ રિસ્પોન્સીબિલિટના માધ્યમથી પી.એન.આર. સોસાયટીને રૂા. એક લાખનું અનુદાન અર્પણ કરવાનો એક કાર્યક્રમ નટરાજ કોલેજમાં તા. ૨૩/૧/૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ હતો. પી.એન.આર. સોસાયટીએ વિકલાંગોના કલ્યાણઅર્થે આ અનુદાનનો સ્વિકાર કર્યો હતો. શ્રી પારસભાઈ શાહ દ્વારા મહેમાનોના સ્વાગત બાદ, બેન્કના મહાનુભાવો અને રોટરી કલબ મુંબઈ નોર્થના રોટેરિયન શ્રી હેમેન્દ્રભાઈ શાહ અને શ્રી હર્ષદભાઈ શેઠ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓને એજયુકેશન કીટ, હાઈડ્રોથેરાપી કીટ, અને વ્હીલ ચેર વિગેરે અર્પણ કરવામાં આવેલ. એસ.બી.આઈ. ના સી.જી.એમ. શ્રી દુઃખબન્ધુરથ દ્વારા સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટીશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) નું શાલ અર્પણ કરી સન્માન કરેલ. સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ સી.પી. સ્કૂલ અને હાઈટેક સ્કૂલની પ્રવૃત્તિની ઝલક આપેલ અને દિવ્યાંગો દ્વારા રચિત સ્મૃતિ ભેટ શ્રી દુઃખબંધુરથને અર્પણ કરેલ અને આભારવિધિ કરેલ. એસ.બી.આઈ.ના ડી.જી.એમ. શ્રી દુઃખબંધુરથએ સંસ્થાની પ્રવૃત્તિની પ્રસંશા કરતાં હંમેશા સહકાર આપવાનું કમિટમેન્ટ કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ હતું.

# દિશા કમ વિકાસ પ્રોજેકટ

નેશનલ ટ્રસ્ટ દ્વારા બિલ્ડિંગ લીગલ કેપેસીટી બહાર પાડવામાં આવેલ છે, જે નેશનલ લેવલ-રાષ્ટ્રીય કક્ષાએ સકસેસ સ્ટોરી બનાવવામાં આવી. જેમાં નેશનલ ટ્રસ્ટ દ્વારા ચાર સંસ્થાની પસંદગી કરવામાં આવી. તેમાં આપણી પી.એન.આર. સોસાયટીમાં ચાલતા દિશા કમ વિકાસ પ્રોજેકટની બે સકસેસ સ્ટોરી લેવામાં આવી. જેમાં ખૂબજ સિવીયર બાળક હુમેરા કથીરી તથા અનિલ ડાભી બાળકની સ્ટોરી લેવામાં આવી. આ કમ્પેડીયમ રાષ્ટ્રીય સ્તરે બહાર પાડેલ છે. નેશનલ ટ્રસ્ટ સાથે ૭૦૦ સંસ્થા જોડાયેલ છે. જે આ સકસેસ સ્ટોરી જોઈ શકશે. ખરેખર પી.એન.આર. સોસાયટીનું નામ રાષ્ટ્રીય સ્તરે પ્રસિધ્ધ થયું છે. આ માટે શ્રી અમિત મિત્રા (કો-ઓર્ડિનેટર), શ્રી કે. ડી. પડિયા (ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી) તથા દિશા કમ વિકાસના સ્ટાફને અભિનંદન.

# વાચકો લખે છે



'જીવન-સંધ્યાના જાજરમાન પડાવના પથિક એવા મુરબ્બી અનંતભાઈ (બાબાભાઈ)એ સ્વાનુભવોના પાથેયરૂપ પુસ્તકનું સર્જન કરીને સાચેજ આપણા સૌના 'સપનાના વાવેતર' કર્યાની ફરજ અદા કરી છે તથા પી.એન.આર. સોસાયટીની ફલશ્રુતિરૂપ પ્રવૃત્તિઓ અને પ્રયાસોમાં તે સંસ્થાની સાથે રહયાં છે. ડગલે, ડગલે, સહકાર, સંઘર્ષ અને સમર્પણના રસ્તે આગળ વધેલા, શ્રેષ્ઠીઓ, સખાવતી દાતાઓ અને કર્મનિષ્ઠ કર્મીઓના અનુભવોને ઉજાગર કરતું પુસ્તક મારે માટે પણ શ્રેષ્ઠ ઉપહાર બને છે. પત્ર અને સુંદર પુસ્તક બદલ સપ્રેમ આભાર-શુભેચ્છા.'

**- વિજય રૂપાણી મુખ્યમંત્રી, ગુજરાત રાજય**


'બાબાભાઈનું આ પુસ્તક 'સપનાના વાવેતર'માં એમના જીવનભરના અનુભવ, મુશ્કેલીઓ, અને તેમાંથી જે સફળતાઓ મેળવી તેનું સુંદર આલેખન છે. આ પુસ્તક માત્ર ઉપર-ઉપરથી જોઈ લેવાનું નથી. એનો શબ્દેશબ્દ વાંચવાનો, વિચારવાનો અને એમાંથી કંઈક પ્રેરણા મેળવી અને તેથીય આગળ એને અમલમાં મૂકીને, બાબાભાઈને રસ્તે ચાલવાથી આપણને માર્ગદર્શન મળે એવું આ પુસ્તક છે. આવુ સુંદર પુસ્તક તેમણે ગુજરાતી ભાષાના ચરણે મુકયું છે. બહુ ઓછા પ્રમાણમાં છે, આજે ગુજરાતી સાહિત્ય વધારે સમૃદ્ધ બને છે.'

**- મોહન પટેલ, પૂર્વ શેરીફ, મુંબઈ**

'પુસ્તકનું આદ્યોપાંત નિરીક્ષણ કરતાં, દરેક પાનામાંથી વાંચનારાને સેવા, સ્નેહ, પરોપકાર, ભગીરથ પુરુષાર્થ અને માનવ માત્ર પ્રત્યે સંવેદના અને સહકારની પ્રેરણા, પ્રસાદ સ્વરૂપે સહજભાવથી પ્રાપ્ત થાય છે. આદરણીય શ્રી અનંતભાઈ (બાબાભાઈ) ના વ્યકિતત્વ અને કૃતિત્વને આ પુસ્તકના માધ્યમથી આટલી ઊંડાણથી જાણવાનો અવસર પહેલી વાર મળ્યો. મારી દૃષ્ટિમાં દિવ્યાંગની સેવા એજ, દિવ્ય વૈભવને ધારનારા પરમાત્માની સેવા છે.'

**- ડૉ. બી. કે. જૈન, (ટ્રસ્ટી અને ડાયરેકટર),**
**શ્રી સદગુરુ સેવા સંઘ ટ્રસ્ટ, જાનકીકુંડ, ચિત્રકૂટ**

'I also suggest you to bring out English edition of this book " Sapnana Vavetar " for another reason. Apart from younger generation of Gujaratis, it will




reach a much wider class of readers - South Indians, North Indians, Indians living in U.K., African, Asian and Middle Eastern countries, Think over and make suitable additions and improvements. Do mention in it , National and Inter - National Awards PNRS has received. Many people do not know that such a good Charitable institution exists in a small town like Bhavnagar.'

**- Vasantrai M. Gandhi (U.S.A.)**

'સપનાના વાવેતર' મળ્યું. તમારી પોતાની અને પી.એન.આર. સોસાયટીની તવારીખ નોખી પાડી શકાય તેમ છે જ નહીં. એક જ સિક્કાની બે બાજુ જેવું છે. પી.એન.આર.ની શરૂઆત અને સતત ચાલું રહેલો સંઘર્ષ વગેરેને પુસ્તકરૂપ આપીને અમારા બધા ઉપર અને આવનારી પેઢીઓ માટે એક દીવાદાંડી જેવું અદ્‌ભૂત કામ કર્યુ છે. પુસ્તકની ભાષા, ગોઠવણીનો ક્રમ, સરળ અને અસરકારક ટૂંકી રજૂઆત વગેરે, 'સપનાના વાવેતર' ને એક શ્રેષ્ઠ કક્ષાનું પુસ્તક બનાવે છે.'

**- રાજેન્દ્રસિંહ રાણા,** Ex. **મેમ્બર ઓફ પાર્લામેન્ટ (લોક સભા),** Ex. **સ્ટેટ પ્રેસિડેન્ટ, (ભારતીય જનતા પાર્ટી), ગુજરાત, ભાવનગર.**

'આપની ૮૫ વર્ષની જીવન સંધ્યાએ આપના અનુભવો ઉજાગર કરતું 'સપનાના વાવેતર' પુસ્તક મળ્યું. તેમાં હું અને મારો પરિવાર આપનો પુરુષાર્થ વાંચતા જઈએ છીએ. આપે માનવ જન્મ સાર્થક કરી ભાવનગરનું નામ વૈશ્વિક લેવલે ઉજાગર કર્યું છે. અભિનંદન.'

**- ડૉ. ઉમાકાન્ત જે. જોષી, ભાવનગર**

'સમગ્ર પુસ્તકમાં 'મેં' કર્યું, અથવા 'હું' શબ્દોના પ્રયોગ માત્ર ત્રણથી ચાર જગ્યાએ વાપરેલ છે. દરેક કાર્યમાં આપે' અમે કર્યુ', 'અમારા સાથીઓ'ના 'સહકારથી' કાર્ય થયેલ છે, તેમ જણાવેલ છે, જેમાં ઉત્તમ અને ઉચ્ચ કોટિના 'લીડર' ના લક્ષણોના દર્શન થયાં છે, તેના જ હિસાબે વિકલાંગોની તમામ સંસ્થાઓનો અદ્‌ભૂત વિકાસ થયો છે. મને શ્રધ્ધા છે કે 'સપનાના વાવેતર' ભવિષ્યમાં સોસ્યોલોજીમાં પી.એચ.ડી. માટે, રેફરન્સ બૂક તરીકે યુનિવર્સિટીમાં સ્થાન પામશે.'

**- એચ.પી. રાખશિયા, ખજાનચી, પી.એન.આર., ભાવનગર.**

'આપના દ્વારા લિખિત 'સપનાના વાવેતર' નું એકી કંઠે હું રસપાન કરી ગયો. હું માનું છું કે ગુજરાતી સાહિત્યમાં આપનું આ પુસ્તક 'સપનાના વાવેતર' એક ઉત્તમ અને અલગ પ્રકારની આત્મકથા ગણાશે, જેમાં વ્યકિતની જીવનકથા ઓછી, પણ સંસ્થાઓની જીવનકથાનું સંઘર્ષમય વર્ણન છે.'

**- કિરીટ રાઠોડ, માનદ્ મંત્રી, પી.એન.આર., ભાવનગર**

---

'આપે આ ગ્રંથમાં નાનામા નાની વ્યકિતથી લઈને ધનાઢય દાતાઓની ગાથા અને તેના અનુભવો દર્શાવ્યાં છે અને આપને ૮૫ વર્ષમાં થયેલાં સારા, કડવા, અનુભવનું વર્ણન કરી એક દિશા આપી છે. આપના જીવનના સંઘર્ષમાં હું આપનુ એક અભિન્ન અંગ થયો છું, તેનું મને ગૌરવ છે.'

**- પારસ શાહ, સેક્રેટરી જનરલ, પી.એન.આર., ભાવનગર**

---

'આપના દ્વારા લિખિત અને પ્રકાશિત 'સપનાના વાવેતર' માં આપના નાનપણથી આજ સુધીના સંઘર્ષો પુસ્તકમાં વાંચી, આપની દીર્ઘ દ્રષ્ટિ વગેરે ગુણો ઉપર ખૂબ-ખૂબ માન થયું. આપે પેન્શેનબલ નોકરી છોડી ઘણું મોટું કામ વિકલાંગો માટે કર્યું છે. તમને ખૂબ-ખૂબ અભિનંદન.'

**- જીતેન્દ્ર ચંપકલાલ મહેતા, ભાવનગર**

---

'આ સપનાના રૂડા વાવેતર થયા. તેમાં તેવાજ સેવાભાવી ગૃહલક્ષ્મી ઈલાબેને-કુટુંબની રખેવાળી કરી છે, મારે મન એમનું જીવન કવન દરેક માનવી માટે, પ્રેરણારૂપ માર્ગદર્શક બની રહેશે.'

**- મણીભાઈ ગાંધી, પૂર્વ ધારાસભ્ય, ભાવનગર**

---

'શ્રી બાબાભાઈ (શ્રી અનંત કે. શાહ) દ્વારા લિખિત અને આપ સૌ મિત્રો દ્વારા સંકલિત 'સપનાના વાવેતર' નામથી એક શ્રેષ્ઠ જીવનનું વાવેતર અને વટવૃક્ષ-૪૧૬ પાનાના દળદાર પુસ્તકરૂપે મળ્યું છે. આખું પુસ્તક હું જોઈ ગયો છું, પણ વારંવાર નિરાંતે વાંચ્યા વગર નહીં રહેવાય તેવું આ જીવન-ચરિત્ર અને સંસ્થાનું ચરિત્ર આમા આલેખાયેલું છે.'

**- ડૉ. કનુભાઈ કલસરિયા, એમ.એસ. (સર્જન), પૂર્વ ધારાસભ્ય, પ૪-મહુવા**

---

''સપનાના વાવેતર' ધીમે-ધીમે વાંચતાં-વાંચતાં પચાવું છું, કુટુંબના સભ્યો પણ પુસ્તકમાંથી પ્રેરણાઓ મેળવી રહ્યા છે. ૪૦૦ પાનાથી વધારેમાં તમે એટલું મોટું વિવિધ અનુભવોનું સંકલન કર્યું છે. તમારા આટલાં બધાં કામો વચ્ચે અમને બધાંને પણ સાથે ઊંચે લઈ જવાના કામ માટે ધન્યવાદ.'

**- કાન્તિસેન શ્રોફ, કચ્છ-ભૂજ,**

---

'we received the book Lots of fond memories our regards to sri Babubhai from the family'

**- Rajesh Mehta**

---

'તમારી અદ્‌ભૂત કર્મગાથા-પુરૂષાર્થ પ્રબોધતો ગ્રંથ 'સપનાના વાવેતર' વાંચીને ભીતરથી ખૂબ રાજીપો અનુભવ્યો. હૃદયથી અનુગ્રહિત છું. તમે કુશળ બની સુંદર સર્જન કર્યું છે.'

**- રમેશભાઈ સંઘવી, સુશિલ ટ્રસ્ટ-ભૂજ**

---

'I have received the book "Sapna Vaveter" written and produced by Shri Anant K Shah.

It is a big book in Gujarati and it makes interesting reading. Bhagwan will bless our Bababhai for ever as he has made enormous contribution to PNR Society and people in Gujarat and India.'

**- Elyas B. Sardharwala, U. K.**

## જન્મદિવસની ઉજવણી




તા. ૨૩-૧૨ ના રોજ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર, વિદ્યાનગર ખાતે સેન્ટરમાં આવતા વિવિધ દિવ્યાંગતા ધરાવતા બાળકોના જન્મદિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી એચ.પી. રાખશીયા, શ્રી મહાસુખભાઈ ઝકડિયા અને પ્રદીપભાઈ ભટ્ટએ પોતાના વ્યસ્ત શેડયુલમાંથી સમય ફાળવ્યો હતો. સેન્ટરના ફિઝ્યોથેરાપિસ્ટ શ્રી શાહિનબેન મર્ચન્ટે સર્વ ટ્રસ્ટીઓનું સ્વાગત કરી, સેન્ટરમાં ચાલતી પ્રવૃત્તિ વિશે માહિતી આપેલ. આ કાર્યક્રમમાં અંધશાળાના નાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધેલ. અંધશાળાના વિદ્યાર્થીઓ, સર્વ ટ્રસ્ટીઓ સાથે મળીને, નાના બાળકો દ્વારા કેક કટીંગ કરવાં આવેલ. આ દિવસે જ શ્રી પારસભાઈ શાહનો પણ જન્મદિવસ હોય તમામ બાળકો, વાલીઓ, સ્ટાફ દ્વારા તેમને શુભકામના પાઠવવામાં આવેલ. બાળકોને ભેટ સ્વરૂપે વસ્તુઓ આપવામાં આવેલ તથા બાળકોના વાલીઓ દ્વારા પોતાના બાળકમાં આવેલ સુધારા અંગેના અનુભવો કહેવામાં આવેલ. શ્રી કિરીટભાઈ રાઠોડ અને શ્રી પારસભાઈ શાહ દ્વારા બાળકોને શુભકામનાઓ પાઠવવામાં આવેલ તથા વાલીઓ દ્વારા બાળકો પાછળ કરવામાં આવતો અથાગ પરિશ્રમ, સફળતામાં પરિણમે તેવી આશા વ્યકત કરવામાં આવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR - Pravinchandra Dalal Disability Prevention Centre

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ :-



ડિસે.-૨૦૧૯ દરમ્યાન, પી.એન.આર.સોસાયટી, **પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** અન્વયે, **અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ** અંતર્ગત, પાલીતાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના આંખ અને કાનની **૩૨૪૫૪** બાળકોની તપાસ, ઈ-ચાર્ટ કરી બાળકોની આંખ તપાસવામાં આવી હતી. તેમાંથી દૂરનું ન દેખાતું હોય તેવા બાળકોને, મેન્યુઅલ કીટ દ્વારા અલગ-અલગ લેન્સ દ્વારા પ્રોપર નંબર કાઢી આપવામાં આવ્યાં હતાં. તેમજ બાળખકોના કાન ઓટોસ્કોપથી તપાસી, કાનમાં રસી આવતી હોય તેવા બાળકોના ફોર્મ ભરી, આગળની કાર્યવાહી કરવામાં આવી. આંખને લગતી તકલીફવાળા **૨૩૭** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૫૪૩** બાળકો જોવા મળ્યાં હતાં. જેમાંથી આંખ ત્રાંસી હોય, પાંપણ ઢળેલી હોય, કપાયેલાં હોઠ કે તાળવામાં કાણું હોય તેવા તથા કાનના પડદામાં કાણું હોય અને ઓછું સંભળાતું હોય તેવા બાળકોને, પી.એન.આર. હોસ્પિટલ ખાતે વધુ સારવાર તથા નિદાન અને ઓપરેશન માટે રીફર કરેલ. જેઓને **સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરૂરી સારવાર તથા ઓપરેશન** કરી આપવામાં આવે છે. આ બે માસ દરમિયાન **૦૭** કાનનાં ઓપરેશન, તેમાં Tympanoplasty નાં **૦૩** તથા Mastoidectomy નાં **૦૪** ઓપરેશન ડૉ. અશોક બારૈયા (ઈ.એન.ટી. સર્જન) દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-


ડિસે.-૨૦૧૯ દરમ્યાન બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૪૬** લાભાર્થીઓને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૧૪** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૦૪** કપાયેલાં હોઠના, **૦૩** તાળવામાં કાણાંના **૦૨** હાઈપોસ્પીડીયા, તેમજ **૦૫** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં સુપ્રસિધ્ધ પ્લાસ્ટિક સર્જન ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં, જેમાં ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમત ઉઠાવી હતી.

### મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-


ડિસે. - ૨૦૧૯ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલ દ્વારા, ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન (યુ.એસ.એ.) તથા ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસિટી કોર્પોરેશન લિમીટેડ, વડોદરા સ્વર્ણિમ ઉર્જા ટ્રસ્ટના આર્થિક સહયોગથી, **વિનામૂલ્યે લેન્સ મુકી ઓપરેશન** કરી આપવાનું આયોજન કરવામાં આવેલ. પી.એન.આર. હોસ્પિટલના ઓપ્થેલ્મિક સર્જન ડૉ. પાયલબેન અરોરા દ્વારા, આંખની તકલીફવાળા જરૂરિયાતમંદ **૧૦૫** લાભાર્થીની પ્રાથમિક તપાસ કરી, જરૂરિયાત મુજબ ટીપાં, દવા આપવામાં આવેલ, તે પૈકી **૧૫** દર્દીઓને મોતિયાબિંદુના ઓપરેશન પી.એન.આર. હોસ્પિટલમાં કરવામાં આવેલ.

### રૂબેલા :-

રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટ અંતર્ગત શ્રી પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસિટી કોર્પોરેશન લીમીટેડ-વડોદરા સ્વર્ણિમ ઉર્જા ટ્રસ્ટ દ્વારા નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૯ દરમ્યાન ૧૧૯૦ બહેનોને અવેરનેસ આપવામાં આવેલ છે. તેમાંથી ૩૩૮ બહેનોને રૂબેલાની રસી આપી જન્મજાત વિકલાંગતા અટકાવેલ છે. આ કામગીરીમાં ભારત સેવક સમાજ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર, ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તથા ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી, મુંબઈ સ્થિત શ્રી ધિરેનભાઈ મહેતા તથા ન.ચ. ગાંધી મહિલા કોલેજના N.S.S. UNII દ્વારા રૂબેલાના કેમ્પ યોજાયા હતાં. જેમાં બધાનો સહકાર મળીને કેમ્પને સફળ બનાવેલ.



# સંક્ષિપ્ત સમાચાર



✍ ધીરુભાઈ ધંધુકિયા

## ‘હાઈટેક’ ઈન્કલુઝિવ સ્કૂલ

### આંતરરાષ્ટ્રીય બાળદિન

સ્કૂલમાં  તા. ૨૦-૧૧ના રોજ આંતરરાષ્ટ્રીય બાળદિનની ઉજવણી કરવામાં આવેલ. આ દિવસે તમામ બાળકોનુ પૂષ્પ આપીને સ્વાગત કરવામાં  આવેલ. ત્યારબાદ બાળકોની રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું અને સૂત્રોચાર સાથે બાળકો ઉત્સાહભેર રેલીમાં જોડાયા હતાં. આ ઉપરાંત ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા, બાળ અધિકાર સંરક્ષણ પર ૫૦ પ્રશ્નોની કસોટી પણ વિદ્યાર્થીઓએ આપેલ.

### ઝોન કક્ષાનો કલા મહોત્સવ



કેમ્પસના ઓડિટોરીયમમાં તા.૨૭-૧૧ના રોજ, ઝોન કક્ષાના કલા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદા-જુદા શહેરોમાંથી સ્પર્ધકો ભાગ લેવા આવેલ.

### વર્લ્ડ ડિસેબલ્ડ ડે ની ઉજવણી

પી.એન.આર સોસાયટી સંચાલિત દરેક સંસ્થાઓમાં **વર્લ્ડ ડિસેબલ્ડ ડે**ની ઉજવણી કરવામાં આવેલ. ઈ.સ. ૧૯૯૨થી સંયુકત રાષ્ટ્ર દ્વારા વિકલાંગો પ્રત્યે જાગૃતિ લાવવા અને તેમના જીવનને વધારે સારું બનાવવા સમાજની પૂરેપૂરી ભાગીદારી થાય, તે માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી માટે વિદ્યાર્થીઓ દ્વારા રેલી કાઢવામાં આવેલ. આ ઉપરાંત મહાવીર ઓડિટોરીયમમાં શિક્ષક સજ્જતા તાલીમનું આયોજન કરેલ.

### ચેસ સેમિનાર

સ્કૂલમાં  તા. ૧-૧ના રોજ  ગુજરાત સ્ટેટ એસોસિએશનના નેતૃત્વ હેઠળ, ચેસ જાગૃતિ સંદર્ભે  મહાભિયાન શ્રી જયશ્રીબેન દ્વારા યોજાયેલ. આ નિઃશુલ્ક ચેસ જાગૃતિ શિબિરમાં  ધો. ૩ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. શરુંઆતમાં શ્રી જયશ્રીબેન દ્વારા વિદ્યાર્થીઓને ચેસની રમતને લગતા પ્રશ્નો પણ પૂછવામાં આવેલ. આ શિબિરમાં ચેસ નોટેશન તથા ચેસ વિશે પ્રારંભિક માહિતી આપવામાં આવી.

### નાતાલ પર્વની ઉજવણી



સ્કૂલમાં બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક, તેમજ ઉચ્ચ માધ્યમિક વિભાગમાં નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાલમંદિરના નાના-નાના ભૂલકાંઓ લાલ અને સફેદ રંગનાં ડ્રેસમાં આવેલ, તેમજ ડાન્સ પાર્ટી પણ કરેલ. આ ઉપરાંત દરેક બાળકોને ચોકલેટ વિતરણ પણ કરવામાં આવેલ.

### પ્રવાસ



સ્કૂલ દ્વારા તા- ૨૪-૧૨ના રોજ કમીયાળા હનુમાન, સાયન્સ સિટી, વૈષ્ણોદેવી, અને ઈન્દ્રોડા પાર્ક  ખાતે, ધો. ૧ થી ૧૧ના બાળકોને પ્રવાસમાં લઈ જવામાં આવેલ. આ પ્રવાસ વહેલી સવારે ૪ કલાકે શરું કરવામાં આવેલ. તેમજ રાતનાં ૧૨:૩૦ કલાકે પ્રવાસ પરત આવેલ.આ શૈક્ષણિક પ્રવાસની જહેમત સુનિલભાઈ ગોહેલ તથા આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ.

### લોકાર્પણ કાર્યક્રમ

પી.એન.આર સોસાયટીમાં  તા.૪, ૫, ૬ જાન્યુ. ૨૦૨૦ના રોજ લોકાર્પણ કાર્યક્રમ યોજાયેલ. જેમાં તા.૪-૧ની સાંજે બહેરા-મૂંગા શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ સ્કૂલની પણ કૃતિ રજુ કરવામા આવેલ. તા.૫-૧ના રોજ મહેમાનોએ હાઈટેક સ્કૂલની પણ મુલાકાત લીધેલ. આ ઉપરાંત આ સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ ટ્રોફી પણ આપવામાં આવેલ.

## ઉત્તરાયણ પર્વની ઉજવણી



સ્કૂલમાં તા.૧૧-૧ના રોજ ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવેલ. તમામ વિદ્યાર્થીઓ પતંગ અને દોરી સાથે લાવેલ અને પતંગ ઉડાવી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરેલ. વિદ્યાર્થીઓએ નાસ્તામાં ચીકી અને શેરડી લાવીને આ પર્વને વધુ યાદગાર બનાવેલ. શાળાના શિક્ષકશ્રી દક્ષાબેન પંડયાએ કાપડમાંથી ભવ્ય પતંગ બનાવેલ.

## મહેમાન મંડળ પ્રવૃત્તિ




સ્કૂલમાં તા- ૧૧-૧ના રોજ મહેમાન મંડળ પ્રવૃત્તિ અંતર્ગત જાણીતા લેખિકા અને પૂર્વ પ્રાધ્યાપિકા રક્ષાબેન દવે વાર્તા કથન માટે અમારા આમંત્રણને માન આપી આવ્યાં હતાં. તેમણે વિદ્યાર્થીઓને સિંહ અને મધપૂડાંની વાર્તા કહેલ. તેમજ વાર્તા સાથે બાળગીતનો સમાવેશ કરીને વિદ્યાર્થીઓને સ્ટેજ ઉપર બોલાવીને બાળકો સાથે અભીનય કરેલ. **'એક મજાનો માળો...'** એ બાળગીત કેવી રીતે ગવાય, તે સમજાવેલ. આ વાર્તા સાંભળવામાં, તેમજ બાળગીત ગાવામાં વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### શ્રી પ્રફુલભાઈ શાહની મુલાકાત



અમેરિકા સ્થિત શ્રી પ્રફુલભાઈ શાહે ડિસેમ્બર ૨૦૧૯ તથા જાન્યુ. ૨૦૨૦ માસમાં પી.એન.આર. સોસાયટી સંચાલિત, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની મુલાકાત લીધી હતી. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કએ શ્રી પ્રફુલભાઈનું બ્રેઈન ચાઈલ્ડ છે. કોમ્પ્યુટરની તાલીમ થકી રોજગાર પ્રાપ્ત કરી વિકલાંગો સમાજમાં સ્વમાનભેર જીવી શકે, અને તેમની જીવનશૈલીમાં સુધારો લાવી શકાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહી, સંસ્થાને પોતાનો અમૂલ્ય સહયોગ આપી રહયાં છે. મુલાકાત દરમ્યાન તેમણે વિકલાંગ તાલીમાર્થીઓ સાથે મુકત મને વાતચીત કરી હતી. શ્રી પ્રફુલભાઈની સાથે એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના ભૂતપૂર્વ ફેકલ્ટી શ્રી ડૉ. મહીમ્નભાઈ પંડયા પણ વિભાગની મુલાકાતે આવેલ. કોમ્પ્યુટરમાં ગુગલનો મહત્તમ ઉપયોગ કરવા જણાવેલ. ઈન્ટરનેટનો ઉપયોગ નોકરી શોધવા માટે કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન આપેલ. વિકલાંગ તાલીમાર્થીઓ, ફેકલ્ટી તથા એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફ ઉપસ્થિત રહેલ.

### મહાવીરભાઈ મહેતા તરફથી વિકલાંગ તાલીમાર્થીઓને રાત્રી ભોજન

તા. ૨૨ જાન્યુઆરીના રોજ શ્રી મહાવીરભાઈ મહેતાએ ૧૫ વિકલાંગ તાલીમાર્થી ભાઈ-બહેનોને પોતાના નિવાસસ્થાને રાત્રીભોજન કરાવેલ. હાલમાં અમેરિકા સ્થિત સંસ્થાના શુભેચ્છક શ્રી જયંતભાઈ રાજયગુરુના મિત્રના નાતે, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં શ્રી મહાવીરભાઈ પોતાની સેવા આપી રહયાં છે. જે ધન્યવાદને પાત્ર છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### વ્યવસાયલક્ષી તાલીમ



તા.૨૨/૧૨/૨૦૧૯ નાં રોજ અગ્રવાલ સમાજ દ્વારા ફનમેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં રમત-ગમતના, ખાણી-પીણીના સ્ટોલની સાથે સી.પી. સ્કૂલ અને સંલગ્ન પ્રોજેકટના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ વસ્તુઓનો સ્ટોલ રાખવામાં આવેલ.આ સ્ટોલમાં વસ્તુઓને પ્રદર્શિત તથા તે વસ્તુઓનું વેચાણ કરવાનું, વિશિષ્ટ વિદ્યાર્થીઓ તેમના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પ્રયત્ન કર્યો, જે અંગે શાળાના આચાર્યા શ્રી જિજ્ઞાબેન સોલંકીએ જણાવેલ કે "સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો સમાજમાં ઉપેક્ષિત ન રહે, તે માટેનો આ ખાસ પ્રયાસ છે. વિકલાંગ લોકોને જૂદા-જૂદા સામાજીક કાર્યક્રમોમાં શિક્ષણ અને તાલીમની સાથે જોડીએ છીએ. સ્કૂલમાંથી અભ્યાસ પૂર્ણ કરીને જાય અને તેમને આવકનું સાધન મળી રહે, તે માટે સ્કૂલ સમય દરમ્યાન જ માટીની વસ્તુઓમાં પેઈન્ટિંગ, રંગોળી, ટી-શર્ટ પેઈન્ટિંગ, દુપટ્ટા પેઈન્ટિંગ જેવી નવીજ પ્રોડકટ બનાવવાનું શીખવવામાં આવે છે. પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવાની ઝુંબેશને પહોચી વળવા માટે બાળકો દ્વારા કલોથ બેગ પણ બનાવવામાં આવે છે".

### ડ્રોઈંગ કોમ્પિટીશન

તા. ૨૨-૧૨ ના રોજ પ્રયોશા ગાર્ડન ખાતે, **ઓપન ભાવનગર કોમ્પિટીશન**નું આયોજન કરવામાં આવેલ આ કોમ્પિટીશનની થીમ "સ્વચ્છતા એ જ જીવન" હતી. બાળકો માટે, **સફાઈ કરતી ઢીંગલી**ના ચિત્રમાં રંગ પુરવાની સ્પર્ધામાં સી.પી. સ્કૂલના ૨૩ વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી અક્ષમતાની સાથે, અન્ય ૫૦૦ સમધારણ બાળકો સાથે ભાગ લીધો. કોમ્પિટીશન પુરી થયા બાદ, આયોજીત ડાન્સ અને સોંગ પાર્ટીમાં પણ ભાગ લીધો. ધો. ૪નાં વિદ્યાર્થી કૃણાલ આહીરનાં "જગ ઘુમૈયા" ગીત પર ઉપસ્થિત સૌ મહેમાનો અને વિદ્યાર્થીઓ ઝૂમી ઉઠયાં હતાં.

### ફેસ્ટિવલ સેલિબ્રેશન

### ક્રિસમસ સેલિબ્રેશન



તા. ૨૪-૧૨ ના રોજ સરદાર પટેલ ઈન્સ્ટિટયુટના પ્રિ-પ્રાયમરી વિભાગના અંગ્રેજી માધ્યમ દ્વારા ક્રિસમસની ઉજવણી કરવામાં અવેલ. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓને ખાસ આમંત્રિત કરવામાં આવેલ અને તેઓએ ઉત્સાહથી ભાગ લીધેલ.

### ઉત્તરાયણ પર્વ




- તા. ૦૮-૦૧ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત સિહોર રિસોર્સ સેન્ટર ખાતે દાતાશ્રીઓ દ્વારા ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવેલ. જેમાં દાતા શ્રી કિશનભાઈ સોલંકી તથા ટ્રસ્ટીશ્રી અનિલભાઈ મહેતાએ સેન્ટરના બાળકો સાથે વૃક્ષારોપણ કરી, પતંગ ઉત્સવની ઉજવણી કરી હતી. આ પ્રસંગે દાતાશ્રી તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન સેન્ટરના સ્પેશ્યલ એજયુકેટર શ્રી નવનીતભાઈ સેંજલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

- તા. ૧૧-૦૧ ના રોજ અર્લી ઈન્ટરવેન્શન એન્ડ રીમેડિયલ સેન્ટર, વિદ્યાનગર, ભાવનગર પર બાળકો અને પેરેન્ટસ માટે, ગેઈમ રમાડી પ્રાઈઝ આપેલ અને ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવેલ. અહિં ૦ થી ૬ વર્ષના બાળકો હોય એટલે પેરેન્ટસ એમ્પાવર માટેના પ્રોગ્રામનું આયોજન કરેલ. આ કાર્યક્રમનું કોર્ડિનેશન સેન્ટરનાં ફિઝયોથેરાપીસ્ટ ડો. શાહિન મર્ચન્ટ, સ્પેશ્યલ એજયુકેટર જલ્પાબેન બારડ અને કેરગીવર્સ મીરાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ.
- તા. ૧૩-૦૧ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ અને ડે-કેર સેન્ટર, દિશા-વિકાસ પ્રોજેકટનાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને **નિસ્બત ફાઉન્ડેશન, ભાવનગર** વતી શ્રી બાબાભાઈ શાહ, સુકેતુભાઈ શાહે પતંગ અને ફિરકી, તેમજ રોટલા ગૃપ, ભાવનગર વતી શ્રી જિજ્ઞાબેને ચિક્કીના નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ.



- કલા મહાકુંભમાં લોકગીત/ભજનમાં સી.પી. સ્કૂલના આહિર કૃણાલને ત્રીજો નંબર પ્રાપ્ત થયેલ. આ સિધ્ધિ માટે સંગીત શિક્ષક શ્રી દિશીતાબેનને મોટીવેશન પૂરું પાડવા અને પર્ફેકટ પ્રિપેરેશન કરાવવા બદલ અભિનંદન.




- કલા મહાકુંભમાં સાંસ્કૃતિક ડાંસમાં સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓની ટીમને બીજો નંબર પ્રાપ્ત થયેલ.આ સિધ્ધિ માટે વિદ્યાર્થીઓની ટીમ અને વિશિષ્ટ શિક્ષક શ્રી વિભૂતીબેન વ્યાસે ખૂબ જ ટૂંકા સમયમાં કોરિયોગ્રાફી કરીને સરસ પર્ફોમન્સ કરાવેલ. અભિનંદન.
- તા. ૨૪-૧૨ ના રોજ વર્ષ ૨૦૧૯ નું છેલ્લું **સૂર્યગ્રહણ** હોય **તળાજા રીસોર્સ સેન્ટર**નાં સ્પેશ્યલ એજયુકેટરશ્રી પંકજભાઈ કટકિયા દ્વારા, એજયુકેશનના ભાગ રૂપે સેન્ટરના બાળકોને સૂર્યગ્રહણ વિશે માહિતગાર કરી, સૂર્યગ્રહણ દેખાડવામાં આવ્યું હતું.

## નિરામયા હેલ્થ પોલિસી



તા. ૨૩/૧ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ સંચાલિત નેશનલ ટ્રસ્ટ માન્યતા પ્રાપ્ત નિરામયા હેલ્થ પોલિસી નો એક પ્રોજેકટ ચાલે છે, જે અંગે સી.પી. સેન્ટર વિદ્યાનગર ખાતે, વાલીઓને નિરામયા હેલ્થ પોલિસીની માહિતી તથા માર્ગદર્શન આપવા માટે એક વાલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, શ્રી હિતેશભાઈ ઓઝાએ વાલીઓને **નિરામયા હેલ્થ પોલિસી** વિષેની માહિતી તથા માર્ગદર્શન આપ્યું હતું.

## સકસેસ સ્ટોરી



સી.પી. સ્કૂલના ધો. ૪ માં અભ્યાસ કરતો કૃણાલ આહિર જેને ગુજરાતીમાં થોડું-થોડું વાંચતાં આવડતું હતું. એક દિવસ નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ આપણી લાઈબ્રેરીમાં કૃણાલ કુતુહલ વશ આવ્યો મેં તેનામાં કંઈક કરી બતાવવાનો જુસ્સો જોયો. મેં તેને પુસ્તકો વાંચવા માટે પ્રેરિત કર્યો. એક પુસ્તકના વાંચન પછી કૃણાલને વાંચવામાં રસ પડયો અને પછી તો કૃણાલ રેગ્યુલર લાઈબ્રેરીમાં આવવા લાગ્યો. આમ ધીમે-ધીમે કૃણાલને વાંચવામાં ફાવટ આવી ગઈ. આથી કૃણાલની ગુજરાતી વાંચવામાં ઝડપ પણ આવી ગઈ. એમ કરતાં કરતાં કૃણાલે ૫ ઓગસ્ટ ૨૦૧૯ થી ૫ સપ્ટે. ૨૦૧૯ સુધીમાં એટલે કે ૩૦ દિવસમાં ૪૦ પુસ્તકો વાંચીને શાળામાં એક નવો વિક્રમ સર્જ્યો. જે માટે કૃણાલ આહિરને ખૂબ ખૂબ અભિનંદન.

**- છાયા જોષી**



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**નવે.-૧૯ થી ડિસે.-૧૯ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૬૯૯ | ૧૯ (૦૪ પોલિયો) | જનરલ ઓપીડી | ૨૧૩૨ | - |
| આંખ | ૧૮૧૨ | ૪૩૫ | એક્ષ-રે | ૨૨૮ | - |
| આંખની છારી | ૫૦ | - | લેબોરેટરી | ૯૮૩ (દર્દી) | ૨૩૩૪ (ટેસ્ટ) |
| ઈ.એન.ટી. | | | રસીકરણ | - | - |
| (કાન,નાક,ગળા) | ૧૦૦૧ | ૩૬ | રૂબેલા | ૪૯ | - |
| ઓર્થોસ્કોપી | ૬૨ | - | ચામડી | ૮૫ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૫૪ | ૧૬ | ઓરલ સર્જન | ૦૪ | ૦૪ |
| લેટર ટ્રીટમેન્ટ | ૦૨ | ૦૨ | ફિઝિશયન વિભાગ | ૩૯ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૩ | ૦૨ | ત્રાંસી આંખ | ૪૪ | ૧૨ |
| ઓર્થોડેન્ટલ | ૩૦૬ | ૩૦૬ | પીડિયાટ્રીક ડેન્ટલ | ૦૩ | ૦૨ |

## PNR દ્વારા યોજાયેલ વિવિધલક્ષી કેમ્પ

- PNR સોસાયટી ભાવનગર, તેમજ સથરાવાળા મથુરીયા નગીનબાપા - રુક્ષ્મણીબા પરીવાર પ્રેરિત સ્વ. ચંપકલાલ નગીનદાસ મહેતા - સ્વ. ચંદ્રભાગા ચંપકલાલ મહેતાના સ્મરણાર્થે, **નિ:શુલ્ક વિવિધલક્ષી મેડિકલ કેમ્પ**નું આયોજન તા. ૬-૭ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ રુક્ષમણિબા કન્યા છાત્રાલય ગામ-સથરા, તા. તળાજા ખાતે યોજવામાં આવેલ.

  તા. ૬-૧૨ ને સવારે ૧૧ થી ૫ સુધીમાં PNR સોસાયટીની અંધત્વ-બહેરાશ અટકાવ અભિયાન કાર્યક્રમ અંતર્ગત, સંસ્થાના ટેકિનશિયનો દ્વારા શ્રી સત્યનારાયણ વિદ્યાલયના ધો. ૮ થી ૧૨ ના ૯૫૦ જેટલા બાળકોના વીસ ફૂટના અંતરથી ઈ ચાર્ટ દ્વારા વિઝન ચેક કરવામાં આવ્યું. તેમાં રિફ્રેકટિવ એરરવાળા બાળકોને વિઝન સ્કેનર મશીન દ્વારા રેન્ડમલી નંબર કાઢવામાં આવ્યાં. ત્યારબાદ તે બાળકોને મેન્યુઅલ કીટ દ્વારા અલગ-અલગ લેન્સ મૂકી પ્રોપર નંબર આપી ફોર્મમાં ફિલઅપ કરવામાં આવ્યાં. આ તપાસ અન્વયે ૪ બાળકોને ત્રાંસી આંખ હોય પીડિયાટ્રિક ઓપ્થેલ્મિક કેમ્પમાં ભાવનગર સંસ્થાની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યાં. તેમજ દરેક બાળકોના કાનની તપાસ Autoscope દ્વારા કરવામાં આવી. તેમાં મેલ જામી જવો, કાનમાં રસી, પડદામાં કાણું, ઓછું સંભળાવવું. વિવિધ તકલીફવાળા બાળકો જોવા મળ્યાં હતાં.

- તા. ૭-૧ ના રોજ **નિ:શુલ્ક વિવિધલક્ષી કેમ્પ**માં રુક્ષમણિબા કન્યા છાત્રાલયના પટાંગણમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી પ્રદિપભાઈ ભટ્ટ, શ્રી મહાસુખભાઈ જકડિયા-ચેરમેન, પી.એન.આર. હોસ્પિટલ ઉપરાંત કેમ્પના દાતા પરિવાર શ્રી ધિરેનભાઈ, શ્રી હર્ષાબહેન, શ્રી નિખિલભાઈ, શ્રી વિભાબહેન, શ્રી જિતેશભાઈ, શ્રી રેખાબહેન, શ્રી રશ્મિબહેન તેમજ ગામના પ્રતિષ્ઠિત લોકો દ્વારા દીપ પ્રાગટય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.



  ડૉ. પાયલબેન અરોરા, ઓપ્થેલ્મિક સર્જન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને તપાસી જેમ કે મોતિયો, ઝામર, વેલ, આંખ સતત લાલ થવી, ચળ આવવી વગેરે આંખના દર્દોનું દર્દીઓને સંતોષપૂર્વક સમજાવવામાં આવ્યું. કુલ ૧૪૧ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવી, તેમાંથી ૧૫ મોતિયા બિન્દુ, ૧૫ વેલ, ૦૮ છારી તેમજ ૦૫ ઝામરવાળા દર્દીઓને પી.એન.આર. હોસ્પિટલમાં ઓપરેશન માટે રિફર કરવામાં આવ્યાં. જયાં તેઓની ફ્રીમાં સર્જરી કરી આપવામાં આવી.

  ડૉ. જયંતભાઈ ધંધુકિયા દ્વારા તકલીફવાળા જરૂરિયાતમંદ વિગેરે દર્દીઓનો સફળતાપૂર્વક તપાસી આપવામાં આવ્યાં હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ ભક્તિ મહેતા



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### શૈક્ષણિક પ્રવાસ



તા. ૧૮-૧૨ ને બુધવારે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા દ્વારા ધો. ૧ થી ૪ અને ધો. ૧૦, ૧૨નો એક દિવસીય પ્રવાસ યોજાયેલ. જેમાં વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ઐતિહાસિક સ્થળો જેવા કે, ગઢડા, અયોધ્યાપુરમ, સાળંગપુર, કુંડળ, ઘેલા સોમનાથના પ્રવાસની મોજ માણેલ. જેમાં અયોધ્યાપુરમમાં શ્રી મહાવીર સ્વામીની ૨૩ ફૂટ ૧ ઈંચ ઊંચી પ્રતિમાના ઈતિહાસની જાણકારી શિક્ષકોએ વિદ્યાર્થીઓને સાઈન લેંગ્વેજ દ્વારા પુરી પાડી હતી. આ ઉપરાંત જૈન ધર્મના શીલ, ધાર્મિક બાબતો અંગેનું પ્રદર્શન જોયું. ત્યારબાદ સૌ કુંડળ તરફ રવાના થયાં, કુંડળમાં શ્રી સ્વામીનારાયણ પ્રભુના દર્શન કરીને મંદિરના ઓરડાઓમાં ફરીને, દરેક ઓરડામાં તૈયાર કરેલા ફ્લોટસ અંગેના ઈતિહાસ ત્યાંની ઓડિયો કેસેટની મદદથી વિદ્યાર્થીઓને સમજાવેલ. ત્યાંથી ઘેલા સોમનાથ દર્શન કરીને રાત્રે ભાવનગર પરત આવેલ.

### હોટલ સરોવર પોર્ટિકોની મુલાકાત

તા. ૧૭ ડિસેમ્બરના રોજ આપણી શાળાના ધો. ૧૨ના ૨૦ બાળકો તથા શિક્ષકો ભાવનગરની પ્રખ્યાત હોટલ સરોવર પોર્ટિકોની મુલાકાતે ગયેલ. ત્યાં બાળકોએ જુદા-જુદા સુકા મેવાનો પરિચય મેળવી, તેને કેક મિકસીંગ માટે તૈયાર કર્યો. બાળકોને હાથમાં સ્વચ્છ મોજા પહેરી સૂકો-મેવો કેક મીકસીંગમાં મીકસ કરવાની ખૂબ મજા આવી. ત્યારબાદ હોટલના માલિક શ્રી કોમલકાન્ત શર્માએ બાળકોને સરસ નાસ્તો કરાવેલ. બાળકોને લીફટમાં બેસવાની અને સરસ લકઝરી કારમાં શાળાએથી આવવા-જવાની ખૂબ મજા આવી. હોટલમાંથી પાછા આવતા બાળકોએ પોતાની સાઈનથી આભારદર્શન કરેલ. શ્રવણમંદ બાળકો માટે આ એક અનેરો અનુભવ હતો.

### કપડાં ભેટ

રાજકોટ ખાતે હોટલ મેનેજમેન્ટનો અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓ પ્રફુલ્લ ગર્ગ અને પ્રનય ગોયલે શાળાના શ્રવણમંદ બાળકોને કપડાં ભેટમાં આપેલ.

### શૈક્ષણિક પ્રવાસ



શાળા દ્વારા તા. ૨૬-૧૨ અને ૨૭-૧૨ બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરેલ. જેમાં જલારામ મંદિર, પોઈચા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સ્થળોની મુલાકાત લીધેલ. જેમાં ધો. ૫, ૬ અને ધો. ૯, ૧૧ ના કુલ ૧૧૪ વિદ્યાર્થીઓ, ૧૦ શિક્ષકો, ૨ કેરટેકર્સ તથા માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે જોડાયેલ, આ ઉપરાંત શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પણ સાથે આવીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

### એથ્લેટિક્સ સ્પર્ધા



શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ૨૩ બાળકોએ જિલ્લા કક્ષાએ એથ્લેટિકસની સ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં ૨૦ બાળકો અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા થયેલ. તેમાંથી પ્રથમ નંબરે વિજેતા થયેલા ૮ બાળકો સ્ટેટ લેવલે એથ્લેટિકસની સ્પર્ધામાં ભાગ લેવા ગયેલ.

## ખેલ મહાકુંભ - ૨૦૧૯



તાજેતરમાં ખેલ મહાકુંભ - ૨૦૧૯ નું સ્ટેટ લેવલનું આયોજન અમદાવાદ મુકામે યોજાયેલ. તેમાં ચેસ, વોલીબોલ અને એથ્લેટિકસ સ્પર્ધાઓ હતી. જેમાં આપણી સંસ્થાના ૬૨ બાળકોએ ભાગ લીધેલ તેમાંથી કુલ ૩૬ બાળકો વિજેતા બનેલ. આ તમામ બાળકોએ ગોલ્ડ-૮, સિલ્વર-૨૩ અને બ્રોન્ઝ મેડલ-૧૩ કુલ ૪૪ મેડલ પ્રાપ્ત કરેલ. તેઓને આ સ્પર્ધામાં તૈયાર કરવા માટે સંસ્થાના કોચ અને રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીએ ખૂબ મહેનત કરેલ. સંસ્થા પરિવારે આ તમામ બાળકોને અને રમત શિક્ષકને અભિનંદન પાઠવેલ.

## એવોર્ડ તથા રોકડ પુરસ્કાર



શાળાના પ્રાથમિક વિભાગમાં દસ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતાં શ્રી શ્રીમબહેનને ગુજરાત સરકાર તરફથી, **દિવ્યાંગ ખાનગી કર્મચારી** તરીકે સફળ કામગીરી બદલ એવોર્ડ તથા રોકડ પુરસ્કાર રૂા. ૫૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. તે બદલ શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

## શિક્ષકોને એવોર્ડ



દર વર્ષની જેમ, આ વર્ષે પણ પી.એન.આર. સોસાયટી તરફથી શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ચાર શિક્ષકોને એવોર્ડ મળેલ છે. ૧. શ્રી પ્રશાંતભાઈ દેવમુરારિ, ૨. શ્રી ભકિતબેન મહેતા, ૩. શ્રી શ્રીમબેન સવજીયાણી, ૪. દર્શનાબેન જાની ચારેય શિક્ષકોને સંસ્થા પરિવાર તરફથી અભિનંદન.

## એકસેલ એકસ્પ્રેશન



તા. ૧૦/૦૧ ના રોજ દર વર્ષની જેમ એકસેલનો **વિનર શો** યોજાયેલ. જેમાં આપણી શાળાએ રાજસ્થાની કૃતિ, મહેમાન કૃતિ તરીકે રજૂ કરેલ. આ કૃતિની અદ્દભૂત રજૂઆતથી પ્રભાવિત થઈને એક હજારથી વધુ પ્રેક્ષકોએ સ્ટેન્ડિંગ ઓવિએશન આપીને બાળકોને બિરદાવ્યા હતાં.

## ટ્રેકસૂટ વિતરણ



આચાર્યશ્રી શૈલેષભાઈ દવેના પ્રયત્નોથી અને 'જય જલિયાણ કર કલ્યાણ' ના સભ્યશ્રી શૈલેષભાઈ વડેરાના સહયોગથી શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના બાલમંદિરથી ધો. ૧૨ સુધીના કુલ ૩૨૭ વિદ્યાર્થીઓને શાળાના સિમ્બોલ સાથે ટ્રેક સૂટ બનાવડાવીને આપેલ છે. 'જય જલિયાણ કર કલ્યાણ' નો સંસ્થા પરિવાર આભારી છે.

## વેળાવદર પ્રકૃતિ શિબિર



વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન દ્વારા આયોજિત **પ્રકૃતિ શિબિર**માં શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ધો. ૭ ના કુલ ૫૫ બાળકો અને ૫ શિક્ષકોએ તા. ૧૧-૧૨ તથા તા. ૧૨-૧૨ બે દિવસ ભાગ લીધો. આ શિબિરમાં કાળિયાર દર્શન, પંખીઓ, વરુ તથા વન્યજીવોને ખૂબજ નજીકથી નિહાળ્યાં અને તેના વિશે રસપ્રદ માહિતી મેળવી. આ ઉદ્યાનની વિવિધ વનસ્પતિઓ તથા ત્યાં રહેતા પ્રાણીઓ, ખાસ કરીને કાળિયાર વિશે તલસ્પર્શી માહિતી મેળવી. પોષણકડી, પ્રકૃતિનું સંવર્ધન, વન્યજીવો જેવી વિવિધ સંકલ્પનાઓને આ પ્રકૃતિના સાંનિધ્યમાં સ્પષ્ટ કરી. વન વિભાગ દ્વારા થયેલ આ શિબિરનું સુંદર આયોજન માટે સંસ્થાએ ત્યાંના અધિકારીશ્રીઓનો ખૂબ આભાર માનેલ. આ શિબિરમાં બાળકોને મોજ માણતાં અને જ્ઞાન મેળવતા જોવા માટે, શાળાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને ખજાનચી શ્રી જીતુભાઈ શાહ પણ સહભાગી થયા હતાં.

## કુ. હિરલ બારૈયા અને મીરા ડાંગરે મેળવેલ પ્રશંસાપત્ર



૭૧માં પ્રજાસત્તાક દિનની જિલ્લાકક્ષાની ઉજવણી ઘોઘા ખાતે પરેડ ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ. તેમાં ગુજરાત રાજયના મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા, કલેકટર શ્રી ગૌરાંગભાઈ મકવાણા તથા ભાવનગરના મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગ દ્વારા આપણી સંસ્થાની વિદ્યાર્થીની કુ. હિરલ બારૈયાને નેશનલ ઈવેન્ટમાં ૧૦૦ અને ૬૦૦ મી. દોડમાં પ્રથમ વિજેતા બનવા માટે, મંત્રીશ્રીના વરદ્ હસ્તે પ્રશંસાપત્ર આપવામાં આવેલ. કુ. મીરા ડાંગરને વોલીબોલની રમત માટે મંત્રીશ્રીના વરદ્ હસ્તે પ્રશંસાપત્ર આપવામાં આવેલ. આખા ભાવનગરમાંથી માત્ર આ બે વિદ્યાર્થીનીઓને પસંદ કરવામાં આવેલ. જે ગૌરવની બાબત છે. આ કાર્યક્રમમાં માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે, રમત શિક્ષક શ્રી સંદિપભાઈ તથા શ્રી જયોતિબેન બારૈયા ગયેલ.

## સંસ્થાના શ્રવણમંદ ભૂલકાંઓના હસ્તે કરાયેલ ધ્વજવંદન



તા. ૨૬/૧/૨૦૨૦ ના રોજ લીલા ગૃપની ખ્યાતનામ હોટલ એફ સી સરોવર પોર્ટિકો તરફથી આપણી સંસ્થાના શ્રવણમંદ બાળકોને ધ્વજવંદનના કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવેલ. જે અંતર્ગત ધો. ૪ ના બાળકો તથા શિક્ષક શ્રી વૃંદાબહેન ત્યાં ગયેલ. લીલા ગૃપના સી. એમ .ડી. શ્રી કોમલકાંતભાઈ શર્માની પ્રેરણાથી ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયેલ. જેમાં આપણી શાળાના વિદ્યાર્થી જાગૃતિબા સરવૈયા અને રાજદીપ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રકારની અનોખી પહેલ અને ઉદાહરણ આ હોટલ દ્વારા પૂરું પાડવામાં આવેલ. જયાં આપણી સંસ્થાના ભૂતપૂર્વ ચાર વિદ્યાર્થીઓ સર્વિસ કરે છે, આ હોટલનો સમગ્ર સ્ટાફ તેઓથી ખૂબજ સંતુષ્ટ અને પ્રભાવિત છે.

## બે વિદ્યાર્થીનીઓનું સન્માન




મહિલા અને બાળ વિકાસ વિભાગ-ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર ભાવનગરના **"બેટી બચાવો બેટી પઢાઓ"** અભિયાન અંતર્ગત, **"નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે"** ની ઉજવણી નિમિત્તે શિક્ષણ અને રમત-ગમતના ક્ષેત્રે આગળ આવેલ દિકરીઓનું સન્માન શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમમાં તા. ૨૪/૧/૨૦૨૦ ના રોજ થયેલ. આ વિશેષ કાર્યક્રમમાં આપણી સંસ્થાની બે વિદ્યાર્થીની હિરલ બારૈયા (ધો. ૫) અને મીરા ડાંગર (ધો.૧૧) ને મંત્રી શ્રી ભારતીબેન શિયાળ અને મંત્રી શ્રી વિભાવરીબેન દવેના હસ્તે રૂા. ૧૦૦૦/- નો ચેક આપી સન્માનિત કરવામાં આવેલ. આ બંને વિદ્યાર્થીનીઓએ રમતના ક્ષેત્રે મેળવેલ સિધ્ધિ બદલ આ બહુમાન પ્રાપ્ત કરેલ છે. આ કાર્યક્રમમાં શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ, શિક્ષક શ્રી ચંદ્રિકાબહેન, આચાર્યશ્રી ઈલાબહેન ઉપસ્થિત રહેલ.

સંસ્થા પરિવાર આ બંને વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવે છે. બંને વિદ્યાર્થીનીઓ માટે સંસ્થા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી



તા. ૨૬-૧-૨૦૨૦ ના રોજ ૭૧માં પ્રજાસત્તાક દિને, શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળામાં, માનનીયશ્રી મણીભાઈ ગાંધીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી અમિતભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી રાજુભાઈ હકાણી તેમજ શ્રી મીતાબેન તથા શ્રી ઈલાબેન ઉપસ્થિત રહેલ. સંસ્થાનો સમગ્ર સ્ટાફ હાજર રહેલ. શ્રી મણીભાઈ તથા શ્રી અમિતભાઈએ પ્રેરક વકતવ્ય આપેલ. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ, ટી.ટી.સી. ના તાલીમાર્થીઓ અને શિક્ષકો માટે વિવિધ રમતોની સ્પર્ધા યોજાયેલ. તેમાં પ્રથમત થા દ્વિતીય નંબરે આવેલ વિજેતાઓને ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી જયોતિબેન ભટ્ટીએ કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સ્નેહાબેન જોષી



## કે. એલ. છાત્રાલય તથા ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

- તા. ૨૭-૧૧ ના રોજ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ઈલાબહેન મજમુદારને ત્યાં પૌત્રનું આગમન થતાં તેની ખુશાલીમાં બધા બાળકોને તેમણે નાસ્તો કરાવેલ.
- તા. ૩૦/૧૧ ના રોજ શ્રી જીતુભાઈ શાહના પૌત્ર અને પૌત્રીના જન્મ દિવસની ઉજવણી, બાળકો સાથે કરેલ. બાળકોને મનગમતો આઈસ્ક્રીમ ખવડાવી આનંદ કરાવેલ.
- તા. ૨૭-૧૨ ના રોજ અક્ષરવાડી શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે, બાળ આનંદ મેળાનું આયોજન થયેલ. છાત્રાલયના બાળકોને આ બાળ આનંદ મેળામાં લઈ ગયેલ. ત્યાં વિવિધ રાઈડ્સ, જાદુગરના શો, જુદી-જુદી રમત-ગમતના સ્ટોલ વગેરેનો ભરપૂર આનંદ બાળકોએ માણેલ. આ સંપૂર્ણ આયોજન ગૃહમાતાશ્રીઓએ કરેલ. તેમાં દાતાશ્રી કિશનભાઈ તેલવાળાનો સહકાર મળેલ.
- તા. ૩૧-૧૨ ના રોજ સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ બાળકો માટે વર્ષના છેલ્લા દિનની ઉજવણીનું






સુંદર આયોજન કરેલ. છાત્રાલયમાં અવનવા રંગીન ફુગ્ગા અને રિબીનો લગાવી ડેકોરેશન કરેલ. બાળકોએ ખૂબ ખુશખુશાલ થઈને ડી.જે. સાથે ડાન્સ કરેલ.
- સેવા સમિતિ, ભાવનગર તરફથી છાત્રાલયમાં તમામ બાળકો માટે વર્ષ દરમ્યાન જયારે-જયારે જરૂર જણાય ત્યારે તદ્દન ફ્રીમાં ઉકાળો આપવામાં આવે છે. આ રીતે એક માનવ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડેલ છે. તે બદલ સંસ્થા પરિવાર શ્રી સેવા સમિતિ સંસ્થાનો તથા શ્રી જીતુભાઈ મહેતાનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે.
- તા. ૮-૧ ના રોજ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહના પુત્રવધુ શિવાનીબહેનનો જન્મદિવસ હોવાથી, છાત્રાલયના બધાજ બાળકોને શિયાળો હોવાથી તલ, શીંગ, દાળિયા અને મમરા વગેરેના લાડુ સહપરિવાર સાથે આવીને પોતાના હસ્તે બાળકોને વિતરણ કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ



## ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ (એચ.આઇ.)

### મુલાકાત

તા. ૨૬-૧૧ થી તા. ૩૧-૧૧ ના રોજ ડી.એડ. સ્પેશ્યલ અને બી.એડ. સ્પે. એજયુ. પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ એ ઘરશાળા તેમજ શાળા નં. ૮૦, યુનિવર્સિટી એજયુકેશન ડિપાર્ટમેન્ટ અને નંદકુંવરબા બાલાશ્રમની મુલાકાત લીધી.

### વર્લ્ડ ડિસેબલ ડે




તા. ૩-૧૨ ના રોજ **વર્લ્ડ ડિસેબલ ડે** નિમિત્તે રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્ણ ભાગ લીધો હતો.

### વિશુધ્ધાનંદ ઈન્ટર્નશીપ

તા. ૧૬-૧૨ થી ૭-૦૧ સુધી બી.એડ. સ્પે. એજયુ. પ્રથમ વર્ષના કુલ ૧૨ વિદ્યાર્થીઓએ વિશુધ્ધાનંદ શાળામાં ઈન્ટર્નશીપ કરી જેમાં સામાન્ય બળકોને વિવિધ શિક્ષણ પધ્ધતિથી ભણાવ્યાં અને અવલોકન કર્યું. જેમાં વિશુધ્ધાનંદ શાળાના આચાર્ય અને શિક્ષકોનો સહયોગ સારો રહયો.

### સી.આર.ઈ. પ્રોગ્રામ



તા. ૨૬-૧૨ થી ૨૮-૧૨ સુધી ત્રણ દિવસ સી.આર.ઈ. પ્રોગ્રામ યોજાઈ ગયો. જે બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત મહાવીર ઓડિટોરિયમમાં યોજવામાં આવેલ. આ પ્રોગ્રામમાં ગુજરાતના દરેક જિલ્લામાંથી શિક્ષકોએ ભાગ લીધો. જેનો મુખ્ય વિષય **યુનિવર્સલ ડિઝાઇન ફોર લર્નિંગ ૨૧મી સદી** હતો. જેમાં રિસોર્સ પર્સન તરીકે શ્રી દેવેન્દ્રભાઈ વ્યાસ, શ્રી દિપ્તીબેન, શ્રી સોમ કિશનભાઈ, શ્રી ડી.ઈ.પી.ઓ. શ્રી મીતાબેન દુધરેજીયા ઉપસ્થિત રહયા. તદ્ ઉપરાંત સંસ્થાના મંત્રી તથા અન્ય સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહેલ અને પોતાના પ્રતિભાવો વ્યકત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.ટી.સી. કોલેજના એચ.ઓ.ડી. શ્રી સંતોષભાઈ યાદવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

### દક્ષિણામૂર્તિ બાલમંદિર શતાબ્દી



તા. ૨૮-૧૨ ના રોજ દક્ષિણામૂર્તિ બાલમંદિરના ૧૨૦મા જન્મદિવસ નિમિત્તે બાલોત્સવ અને દક્ષિણોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં ટીચર ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થી હાજર રહેલ. જેમાં શ્રીમતી સ્વરૂપ સંપત રાવલના જીવન કૌશલ સાંભળ્યું તેમજ ટી.ટી.સી. કોલેજનો એક સ્ટોલ રાખવામાં આવેલ. જેમાં ઓડિયોલોજીકલ ટેસ્ટ, સાયકોલોજી ટેસ્ટ અને સાઈન લેન્ગ્વેજની જાગૃતતા ફેલાવવામાં આવી અને દક્ષિણામૂર્તિ સંસ્થા દ્વારા ટી.ટી.સી. કોલેજને મેમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યાં.

### હાઈટેક ઈન્કલુઝિવ શાળા ઈન્ટર્નશીપ

તા. ૧-૧૨ થી ૩૧-૧૨ સુધી બી.એડ. સ્પે. એજયુ. બીજા વર્ષના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ હતી. જેમાં બી.એડ. સ્પે. એજયુ. બીજા વર્ષના વિદ્યાર્થીઓએ એક મહિનો તાલીમ લીધી.





# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ખેલ મહાકુંભમાં શાળાની સિધ્ધિ



તા. ૨૬ થી ૨૭ નવેમ્બર-૨૦૧૯ ના રોજ જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા, **જિલ્લા કક્ષાના સ્પેશ્યલ ખેલ મહાકુંભ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોએ વિવિધ ટીમ ગેઈમ તથા એથ્લેટિકસ રમતોમાં ભાગ લઈ, ૧૧ ગોલ્ડ, ૧૮ સિલ્વર તથા ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૪૨ મેડલ તથા રૂા. ૧,૩૫,૦૦૦/- રોકડ પુરસ્કાર મેળવી, જિલ્લા કક્ષાએ 'અંકુર' શાળાનું નામ ગુંજતું કરેલ.

### શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત શાળામાં પણ તા. ૦૨/૧૨ ના રોજ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ડૉ. મુકેશભાઈ પ્રજાપતિ (પિડિયાટ્રીશ્યન) તેમજ ડૉ. ચિરાગ અંબાલિયા (સાઈક્રિયાટ્રીશ્યન) બંને સર ટી. હોસ્પિટલના ડૉકટરશ્રીએ સેવા આપેલ. કુલ ૧૩૯ બાળકોનું ચેકઅપ કરવામાં આવેલ, તેમજ આ ચેકઅપ દરમ્યાન વધુ તકલીફવાળા ૧૮ બાળકોને સંદર્ભકાર્ડ પણ ઈશ્યુ કરવામાં આવેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ મદદનિશ શિક્ષક શ્રી પારસભાઈ પરમારે સુંદર કામગીરી બજાવી કાર્યક્રમ સફળ બનાવેલ.

### વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી

૩જી ડિસેમ્બર સમગ્ર વિશ્વમાં **વિશ્વ વિકલાંગ** દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત પી.એન.આર. સોસાયટી સંલગ્નિત વિવિધ સંસ્થાઓના સંયુકત ઉપક્રમે એક વિશિષ્ટ રેલીનું આયોજન કરવામાં આવેલ. જેનો મુખ્ય હેતુ સામાન્ય લોકોમાં વિકલાંગો અંગેની જનજાગૃતિનો હતો. આ રેલીમાં નટરાજ સી.પી. સ્કૂલના સેરેબ્રલ પાલ્સી બાળકો, 'અંકુર' શાળાના મંદબુધ્ધિ બાળકો, શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના બધિર બાળકો, વિવિધ વેષભૂષા તથા 'સ્વચ્છ ભારત' તેમજ 'પ્લાસ્ટિક હટાવો પર્યાવરણ બચાવો' ના પ્રેરણાત્મક સૂત્રના બેનર્સ સાથે, તેમજ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, સિલ્વર બેલ્સ સ્કૂલ, સરદાર પટેલ સ્કૂલના સામાન્ય બાળકો પણ બેન્ડ સાથે રેલીમાં જોડાયેલ અને આ રેલીને લોકોએ ભારે ઉત્સાહ સાથે આવકારી હતી. નાયબ કલેકટર શ્રી ગૌરાંગભાઈ મકવાણા, તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી વૈશાલીબેન જોષીએ લીલી ઝંડી બતાવી આ રેલીને પ્રસ્થાન કરાવેલ. આ રેલીએ વેલેન્ટાઈન સર્કલથી દક્ષિણામૂર્તિ સ્કૂલ સુધી ફરીને લોકોમાં અનેરું આકર્ષણ જગાવેલ. સાથો-સાથ આ જ દિવસે વિકલાંગ બાળકોના શિક્ષકો માટે 'શિક્ષક સજ્જતા તાલીમ' નું આયોજન કરવામાં આવેલ. આમ, ઉપરોકત બંને પ્રોગ્રામ દ્વારા વિશિષ્ટ અને સુંદર રીતે 'વિશ્વ વિકલાંગ દિવસ' ઉજવણી કરવામાં આવેલ. જેમાં પી.એન.આર. સોસાયટી સંચાલિત વિવિધ સંસ્થાઓના બાળકો તથા સ્ટાફ ઉત્સાહભેર જોડાયેલ.

### વિશ્વ માનસિક વિકલાંગ દિવસની ઉજવણી

સમગ્ર વિશ્વમાં ૮ મી ડિસેમ્બર 'વિશ્વ માનસિક વિકલાંગ દિવસ' ની વિશિષ્ટ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. આ સમગ્ર દિવસ દરમ્યાન બાળકોને અલગ-અલગ ગ્રુપમાં વહેંચીને વિવિધ **ફન ગેઈમ્સ** રમાડવામાં આવેલ તથા ચિત્ર સ્પર્ધા તથા રંગ પૂરણી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકો ઉત્સાહભેર જોડાયેલ, અંતમાં વિવિધ રમતોમાં વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવેલ તથા શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને પણ પ્રોત્સાહક ઈનામ તથા નાસ્તો આપવામાં આવેલ. ત્યારબાદ બાળકોને મનોરંજક **બાળ ફિલ્મ** બતાવવામાં આવેલ. આમ, આ દિવસે મનોદિવ્યાંગ બાળકોને ખૂબ જ આનંદ કરાવડાવી ખરા અર્થમાં માનસિક વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવેલ આ સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ. આ દિવસને તથા કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે સરાહનિય કામગીરી બજાવેલ.

### રાજ્ય કક્ષાએ શાળાની સિધ્ધિ

તા. ૧૪-૧૨ થી ૨૬-૧૨ દરમ્યાન અમદાવાદ તથા ગાંધીનગર ખાતે આયોજીત **રાજ્ય કક્ષાના સ્પેશ્યલ ખેલ મહાકુંભ**માં શાળાના ૧ બાળકે ગોલ્ડ તથા ૨ બાળકોએ બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્ય કક્ષાએ 'અંકુર' શાળાનું નામ રોશન કરેલ.

### નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ

શ્રી પ્રદિપભાઈ અનંતરાય શાહ પરિવાર તરફથી સ્વ. નાઈશાની સ્મૃતિમાં "નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ" શરૂ કરવામાં આવેલ છે. આ કોર્પસ ફંડની રકમના વ્યાજમાંથી 'અંકુર' સંસ્થાના ટ્રસ્ટ સ્ટાફના કર્મચારીઓને દર વર્ષે રૂા.૩,૦૦૦ મેડિકલ સહાય તથા રૂા. ૨,૦૦૦ શૈક્ષણિક સહાય ચૂકવવામાં આવે છે. આ કોર્પસ ફંડની શરૂઆત રૂા. ૧૨૦૦૦૦૦ થી કરવામાં આવેલ અને ત્યારબાદ દર વર્ષે દાતા પરિવાર તરફથી રૂા. ૨,૦૦,૦૦૦ ડોનેશન આપવામાં આવે છે અને હાલ આ ફંડ રૂા. ૧૮,૦૦,૦૦૦ સુધી થયેલ છે. ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન આ કોર્પસ ફંડના વ્યાજની રકમરૂા. ૯૬,૦૦૦ માંથી ટ્રસ્ટ સ્ટાફના કર્મચારીઓને જાન્યુઆરી-૨૦૨૦ સુધીમાં મેડિકલ સહાય રૂા.૪૮,૦૦૦ તથા શૈક્ષણિક સહાય રૂા. ૨૪,૦૦૦ ચૂકવવામાં આવી.



# ૧ ડિસે. '૧૯ થી ૩૧ જાન્યુ. '૨૦ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | |
|---|---|
| M/S. Sheth Entreprises - Mumbai | 150000 |
| Shri K. N. Shah Charitable Trust - Mumbai | 150000 |
| Shri Pratapbhai Shamjibhai Parekh - Mumbai | 150000 |
| Shri Lalit K. Parekh - U.S.A. | 5000 |
| M/S. Sjf philanthropic organisation corporate affairs - Bangalore | 10000 |
| The Dalal Family Charitable Foundation-Mumbai | 150000 |
| M/S. Krishna Enterprises - Mumbai | 100000 |
| M/S. Voles Lighting & Plastik Industries-Mumbai | 200000 |
| Shri Dilip J. Diwan - Mumbai | 200000 |
| Shri Bimal Dilip Diwan - Mumbai | 100000 |
| Shri Kunjlata Dilipbhai Diwan - Mumbai | 100000 |
| Shri Swati Singh - Mumbai | 100000 |
| Shri Singh Vinay - Mumbai | 250000 |
| Shri Bimal Dilip Diwan - Mumbai | 50000 |
| Shri Rajesh Rasiklal Doshi - Mumbai | 25000 |
| Shri Reeva Dharmeet Valia - Mumbai | 3200 |
| Well Wisher - Bhavnagar | 2300 |
| Shri Pankajkumar H. Shah - Bhavnagar | 5000 |
| Shri Sadiqalibhai I. Laxmidhar - Rajkot | 10000 |
| M/S. Hindustan pencils pvt.ltd. - Mumbai | 150000 |
| Shri Hemaben H.Udeshi - Mumbai | 2000 |
| Shri Anantrai K. Shah - Bhavnagar | 25000 |
| Shri Ilaben Anantrai Shah - Bhavnagar | 25000 |
| Shri Gigabhai Nathubhai Charity Trust - Mumbai | 150000 |
| M/S. Jai Glass (India) Private Limited - Mumbai | 151000 |
| Shri Jayshreeben Kiritbhai Rathod - Bhavnagar | 50000 |
| Shri Prakash Arunchandra Dharia - Mumbai | 150000 |
| Shri Animesh Chandulal Shah - Mumbai | 50000 |
| Shri Natvarlal Ramniklal Chanchad - Vadodara | 5000 |
| Shri Jyotiben Lalitbhai Shah - Mumbai | 32900 |
| Shri Pravinbhai N.Kapashi - Bhavnagar | 34000 |
| Shri Sapana C. Shah - Mumbai | 33000 |
| M/S. South Handlooms - Chennai | 105000 |
| Shri Bharat Rasiklal Trivedi - Mumbai | 10000 |
| Shri Bipinbhai M. Shah - Bhavnagar | 50000 |
| Shri Kavitaben Bipinbhai Shah - Bhavnagar | 50000 |
| Shri Meenaben Dineshbhai Parikh - Mumbai | 11000 |
| Smt. Motiben Jadavajibhai Malani - Khamata | 18445 |
| M/S. Inner Wheel Club Of Bombay Horbour Charities Trust - Mumbai | 5000 |
| Shri Himanshubhai M. Bhatt - Mumbai | 11000 |
| Shri Paras Chandulal Shah - Bhavnagar | 1500 |
| Dr. M. G. Desai - Bhavnagar | 10000 |
| Shri Shakuntalaben Vasantrai Gandhi - Mumbai | 100000 |
| Shri Yogesh C. Shah - Bhavnagar | 100000 |
| Shri Abhay Navinchandra - Mumbai | 150000 |
| Shri Bhupendra Himmatlal Shah - Mumbai | 51000 |
| Shri Jayant Babulal Gandhi - Mumbai | 51000 |
| Shri Harsha Subodh Shah - Mumbai | 51000 |
| Shri Rama H. Shah Charity Trust - Mumbai | 150000 |
| Shri Parekh S. Sadaguru Trust - Mumbai | 1150000 |
| Shri Bharatbhai Anandlal Shah - Ahmedabad | 51000 |
| Shri Kantilal Babubhai Shah - Mumbai | 5000 |
| Shri Anilbhai Anopchand Shah - Bhavnagar | 3100 |
| Shri Bandekar Mama - Mumbai | 1002 |
| Shri Chandrika Prakash Mehta - Mumbai | 5000 |
| Shri Dilip Gordhandas Gondalia - Mumbai | 5000 |
| Shri Santokba & Premkorba Charitable Trust - Mumbai | 25000 |
| Shri Maa Bhagvati Enterprise - Bhavnagar | 5100 |
| Shri Mahendrabhai Uttamchand Shah - Bhavnagar | 1111 |
| Shri Patanjali Yoga Group - Bhavnagar | 2600 |
| Shri Chetan Chimanlal Shah - Bhavnagar | 2500 |
| Shri Binas Treats Lip - Mumbai | 100000 |
| Shri Jignesh Chhaganlal Gadhia - Rajkot | 151000 |
| Shri Dilip Manharlal Gathani - Dubai U.A.E. | 150000 |
| Shri Vijay Natvarlal Desai - Mumbai | 51000 |
| Shri Mandaben Hareshbhai Kanani - Surat | 1000 |
| Shri Jayaben Vinodbhai Patel - Bhavnagar | 1000 |
| Shri Kumudben Manilal Shah - Mumbai | 20000 |
| Shri Jatin Rajnikant Patelia - Jamnagar | 10000 |
| Shri Jatin Rajnikant Patelia - Jamnagar | 10000 |
| Shri Kirit Ravichandbhai Mehta - Bhavnagar | 8000 |
| Shri Maltiben Girishbhai Parekh - Bhavnagar | 3100 |
| Shri Kampani Charitable Trust - Mumbai | 200000 |
| Shri Nisha Anil Vora - Mumbai | 5000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Dr.Bansi Siddharthgiri Gosai - Bhavnagar | 5000 |
| Late Poonamchand Virchand Doshi Trust - Bhavnagar | 1001 |
| Shri Valia Shubh Trust - Mumbai | 5001 |
| Shri Mehul Bharatbhai Parekh - Bhavnagar | 61000 |
| Shri Hirenbhai Prakashbhai Bhatt - Botad | 1000 |
| Shri Shankarlal Lallubhai Patel - Ahmedabad | 5000 |
| Shri Mishri H Rathod - Bhavnagar | 5000 |
| Shri Jasumatiben Chimanlal Vasa - Mumbai | 10000 |
| Shri Ilaben J. Majmudar - Bhavnagar | 5180 |
| Shri Chandrakant S Diwakar - Bhavnagar | 5000 |
| Shri Aryan Shah - Bhavnagar | 3000 |
| Shri Narendrabhai Sobhagyachand Doshi - Vadodara | 2000 |
| Shri Lalitaben Khantilal Shah - Bhavnagar | 7500 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Ramniklal Kalyanji Jakadiya(Shah) - Mumbai | 5000 |
| Shri Varshaben B. Lalani - Bhavnagar | 5000 |
| Late Muktaben Mansukhlal Rajyaguru-Bhavnagar | 9000 |
| Late Jayvantiben Parchamal Rohida-Bhavnagar | 7000 |
| Shri Vijaybhai Chimanlal Kothari - Mumbai | 5000 |
| Shri natwarlal R. Chanchad - Vadodara | 5000 |
| Shri Rotary Club Of Puna University Charitable Trust - Pune | 20000 |

| | |
|---|---|
| Late Ganpatray Durlabhji Trivedi - Bhavnagar | 3000 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 10000 |
| Shri Jiyanshi M. Shah - Bhavnagar | 5000 |
| Shri Rudra Kamleshbhai Bhatt - Mahuva | 50000 |
| Shri Naitikbhai Jagatbhai Shah - Mumbai | 4000 |
| Shri Dhruv Joshi - Bhavnagar | 9000 |
| Shri Kishanbhai TelWala - Bhavnagar | 3500 |
| Shri Balvantsinh B. Zala - Bhavnagar | 4000 |
| Shri Usha Mody - Mumbai | 5000 |
| Shri Dr. Jigna harsh shah - Mumbai | 5100 |
| Shri Dayaben Girijashanker Sheth - Mumbai | 50000 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri bhupatbhai V. Vyas - Bhavnagar | 1001 |
| Shri Dudhiben Amarshibhai Rupani - Dhandhuka | 5000 |
| Shri Ansuyaben Parekh - Bhavnagar | 1000 |
| Shri Alpaben Palakbhai Bhavsar - Bhavnagar | 2100 |
| Shri Satyaprakash M. Jain - Songadh | 100000 |
| Shri Navkhanda Parshvanath Dasham Group - Bhavnagar | 13200 |
| Shri Ambrishgiri Goswami - Bhavnagar | 8000 |
| Shri Hiva Rohit Samnani - Bhavnagar | 10000 |
| Shri Shantaben K. Rathod - Bhavnagar | 11000 |
| Shri Bhogilal R. Mehta - Chennai | 1000 |
| Late Bhupendrasinh R. Jadeja - Bhavnagar | 3750 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| Shri Jain Gruh Udhyog - Mumbai | 300000 |
| Shri D. G. Koshiya & B. G. Koshiya - Surat | 300000 |
| M/s. Hightech Investment Casting Ltd. - Shihor | 100000 |
| M/s. B. H. Enterprises - Mumbai | 50000 |
| Shri Gohel Asit Hasmukhrai - Bhavnagar | 35000 |
| Smt. Hansaben K. Jotani - U.S.A. | 10000 |
| Shri Rik K. Jotani - U.S.A. | 10000 |
| Shri Yogini R. Jotani - U.S.A. | 10000 |
| Shri Shayna R. Jotani - U.S.A. | 10000 |
| Shri Jaya R. Jotani - U.S.A. | 10000 |
| Shri Kishorbhai P. Jotani - U.S.A. | 10000 |
| Shri Hemantbhai Prahladbhai Pandya-Bhavnagar | 5001 |
| Shri Vithal Govind Natu - Bhavnagar | 5000 |
| Shri Om Shanti Trust - Bhavnagar | 5000 |
| Shri Chandrakantbhai Sevadas Divakar - Bhavnagar | 5000 |
| Shri Natvarlal Ramniklal Chanchad - Vadodara | 5000 |
| Shri Kamleshbhai R. Sheth & Varshaben K. Sheth - Bhavnagar | 5000 |
| Shri Padubha Gohil - Bhavnagar | 5000 |
| Dr. Bharatbhai N. Panchal - Bhavnagar | 5000 |
| Shri Tarunkumar Kapurchand Vora - Bhavnagar | 2500 |
| Shri Prakashbhai Jayantibhai Bhatt - Botad | 1000 |
| Shri Jit N. Gorasiya - Bhavnagar | 1000 |
| Shri Bharatbhai L. Vora - Bhavnagar | 1000 |

## શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળાનું ગૌરવ


# કૌશલ અતુલભાઈ વ્યાસ

**- પ્રજ્ઞાબહેન ત્રિવેદી**




કૌશલ વ્યાસે ૧૯૭૮ થી ૧૯૯૩ સુધી આપણી શાળામાં અભ્યાસ કરેલ. માત્ર અઢી વર્ષની ઉંમરે તેણે પ્રવેશ મેળવેલ. અત્યારે આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ-વાાપીમાં, એચ. આર. ડિપાર્ટમેન્ટમાં એકઝીકયુટીવ તરીકે કાર્યરત છે. તેની સર્વિસને ૨૫ વર્ષ પૂર્ણ થયેલ છે, જે બદલ તેના સહકર્મચારીઓએ તેનું સન્માન કરેલ છે. આ ક્ષણે કૌશલ પોતાની શાળાને યાદ કરે છે.

પોતાની વ્યવસાયિક સફળતાનું રહસ્ય જણાવતાં કૌશલ કહે છે કે, પ્રારંભિક વર્ષોમાં પાયાનું શિક્ષણ ભાવનગરની શ્રી ખી. લ. બહેરાં - મૂંગા બાળકોની શાળામાંથી મળેલ. ત્યારબાદ તેના પિતાશ્રીએ કમ્પ્યુટરનું શિક્ષણ અપાવી, રોજગારીની તકનું સર્જન કર્યું. ત્યારબાદ તેના પિતાએ જુદી-જુદી કંપનીઓમાં રીઝયુમ આપ્યાં. આરતી ઈન્ડસ્ટ્રીમાં **કમ્પ્યુટર ઓપરેટર** તરીકે તેનું સિલેકશન થયું. કૌશલે પોતાની એબિલિટી વધારવા માટે સર્વિસની સાથે-સાથે અનેક કમ્પ્યુટર કોર્સ કર્યા. જેના પરિણામરૂપ આજે તે સન્માનિય હોદ્દા પર કાર્યરત છે.



કૌશલની આ ઉપલબ્ધિ શ્રવણમંદ બાળકો માટે સંદેશ આપે છે, સાચું માર્ગદર્શન એક વ્યકિતનો પ્રગતિશીલ બનાવી શકે છે જે માટે કૌશલ તેના માતા-પિતા અને શાળાના ઋણી છે.

# "લર્ન વીથ ફન"

પી.એન.આર. સોસાયટીના નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ લાઈબ્રેરીમાં જુદા-જુદા પ્રોજેક્ટના બાળકોને "લર્ન વીથ ફન" થીમ પર વિવિધ એક્ટીવિટી કરાવવામાં આવે છે. જેમાં ડ્રોઈંગ, સ્પેલિંગ શોધો, ટપકા જોડો, સુડોકું વિગેરે. દિશા ક્રમ વિકાસ પ્રોજેક્ટનો પરમાર હર્ષરાજ, એમ.આર. વિદ્યાર્થી ખૂબ સરસ ડ્રોઈંગ કરે છે. તેના દરેક ડ્રોઈંગમાં કલર કોમ્બિનેશન ખૂબ જ એટ્રેક્ટિવ હોય છે અને તેના ડ્રોઈંગ પણ પરફેક્ટ હોય છે. ખૂબ-ખૂબ અભિનંદન હર્ષરાજ.


હર્ષરાજ પરમાર

# મહુવા રિસોર્સ સેન્ટરમાં પતંગોત્સવની ઉજવણી



તા. ૧૩-૧ ના રોજ મહુવા રીસોર્સ સેન્ટરમાં ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવી. બધા બાળકોએ પતંગ ઉડાડવાની મજા માણી હતી. લોકલ દાતાશ્રી સ્વ. ધીરજબેન વસંતરાય શાહ, મુન્નાભાઈ દોરડાવાળા, ઝુબેરભાઈ સાનીવાળા, પ્રશાંત વજુભાઈ, લવજીભાઈ આંબિલયા વિગેરે તરફથી, પતંગ-દોરા, શીંગ-તલની ચીકી, ફ્રૂટ, વેફર વિગેરે બાળકોને વિતરણ કરવામાં આવ્યું.

# તળાજા રિસોર્સ સેન્ટરમાં પતંગોત્સવની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત, શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ, તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત તથા મંદબુધ્ધિ-દિવ્યાંગ બાળકોના પુનઃવસન કેન્દ્રના બાળકોએ, **પાણી બચાવો, સ્વચ્છતા ત્યાં પ્રભુતા, જળ એ જ જીવન, પ્લાસ્ટિક મુક્ત ભારત** સંદેશાઓ સાથે **પતંગોત્સવ પર્વ**ની અનોખી ઉજવણીની સાથે, બાળકોના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી. સ્પેશ્યલ એજ્યુકેટર શ્રી પંકજભાઈ કટકિયા દ્વારા બાળકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને પતંગ-ફિરકી, તેમજ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું.





## પી.એન.આર. સોસાયટીનું નૂતન અભિયાન

# સ્લો-લર્નર પ્રોજેક્ટ

તાજેતરમાં અમરેલી જિલ્લાના ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન દ્વારા **સ્લો-લર્નર પ્રોજેક્ટ** મંજુર થયેલ છે. આ પ્રોજેક્ટમાં અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ તથા સાવરકુંડલા જેવા ખાણ-ખનિજ પ્રભાવિત તાલુકાઓની ૮૭ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાંથી સ્લો-લર્નર એટલે કે, ધીમું શીખવાવાળા, બાળકોને શોધી, વિવિધ પ્રવૃત્તિઓ તથા પ્રયુક્તિઓ દ્વારા તાલીમ આપવામાં આવશે, જેથી તેમનામાં શીખવાની ઝડપ આવી શકે. આ પ્રોજેક્ટમાં અંદાજે ૧૭૦૦૦ બાળકોનું પ્રાથમિક લેવલે સ્ક્રીનિંગ કરવામાં આવશે. જેમાં લગભગ ૩૦૦૦ જેટલા સ્લો-લર્નર્સ મળી આવવાની શકયતા છે. આ પ્રોજેક્ટના સુચારૂ અમલીકરણ માટે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન તરફથી ૮૮ લાખની સરકારી ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે. સમાજ સેવાને સમર્પિત ભાવનગરની પી.એન.આર. સોસાયટીના આ નવા અભિયાન માટે વહિવટી તૈયારીઓ માટે તજજ્ઞો દ્વારા સઘન પ્રયત્નો શરૂ થયેલ છે.

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 Feb. - 2020 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com